RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 149* Date: 28.03.2022 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### મોદીની 'મન કી બાત'

# દેશે ૩૦ લાખ કરોડની નિકાસ કરી છે,જે ઐતિહાસિક છે : વડાપ્રધાન મોદી



## પીએમ મોદીએ તેમના કાર્યક્રમમાં ગુજરાતના માધાપુર મેળાની ચર્ચા કરી

નવીદિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે ૧૧ વાગ્યે 'મન કી બાત' કાર્યક્રમને સંબોધિત કર્યું હતું આ કાર્યક્રમમાં પીએમ મોદી દેશના હિત સાથે જોડાયેલા ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વાત કરી છે. રાજ્યોમાં તાજેતરમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની જીત બાદ મન કી બાતનું આ પ્રથમ પ્રસારણ હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રેડિયો કાર્યક્રમ મન કી બાત બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા તેમજ અન્ય ભાજપના કાર્યકરો સાંભળી હતી.

પ્રધાનમંત્રીનું રેડિયો સંબોધન દર મહિનાના છેલ્લા રવિવારે થાય છે. દર મહિનાની જેમ આ કાર્યક્રમ માટે પણ પીએમ મોદીએ સામાન્ય લોકો પાસેથી સૂચનો અને ફરિયાદો માંગી હતી. લોકોએ સોશિયલ મીડિયા દ્વારા મોટી સંખ્યામાં તેમની ફરિયાદો અને સૂચનો રજૂ કર્યા છે. કાર્યક્રમમાં પીએમ મોદીએ ભારતમાં બનેલી વસ્તુઓની વિશ્વમાં માંગ, નિકાસમાં મળેલી સિદ્ધિ વિશે વાત કરી.

પીએમ મોદીએ કહ્યું કે મારા વ્હાલા દેશવાસીઓ, આપણને ગયા અઠવાડિયે એક એવી સિદ્ધિ હાંસલ કરી, જેને લઈ બધાને ગર્વ થશે. ભારતે ગયા અઠવાડિયે ૪૦૦ અબજ ડોલર એટલે કે ૩૦ લાખ કરોડ રૂપિયાના નિકાસ લક્ષ્યાંકને હાંસલ કર્યો હતો. આ અર્થવ્યવસ્થા સાથે જોડાયેલી બાબત છે, પરંતુ તે અર્થતંત્ર કરતાં ભારતની ક્ષમતા સાથે વધુ સંબંધિત છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે એક સમયે ભારતની નિકાસનો આંકડો ૧૦૦ બિલિયન, ક્યારેક ૧૫૦ બિલિયન, ક્યારેક ૨૦૦ બિલિયન હતો, આજે ભારત ૪૦૦ બિલિયન ડૉલર સુધી પહોંચી ગયું છે. આનો એક અર્થ એ છે કે ભારતમાં બનેલી વસ્તુઓની માંગ સમગ્ર વિશ્વમાં વધી રહી છે, બીજો અર્થ એ છે કે ભારતની સપ્લાય ચેઈન દિવસેને દિવસે મજબૂત થઈ રહી છે અને તેનો ઘણો મોટો સંદેશ પણ છે.

તેમણે જણાવ્યું કે દેશના ખૂણેખૂણેથી નવી પ્રોડક્ટ્સ વિદેશમાં જઈ રહી છે. આસામના હૈલાકાંડીમાંથી ચામડાની બનાવટો હોય કે ઉસ્માનાબાદની હેન્ડલૂમ પ્રોડક્ટ્સ હોય, બીજાપુરના ફળો અને શાકભાજી હોય કે ચંદૌલીમાંથી બ્લેક રાઈસ હોય, તમામની નિકાસ વધી રહી છે. હવે તમને દુબઈમાં પણ લદ્દાખના વિશ્વ પ્રસિદ્ધ જરદાળુ પણ મળશે અને સાઉદી અરેબિયામાં તમને તમિલનાડુથી મોકલેલા કેળા પણ મળશે. એટલે કે હવે તમે અન્ય દેશોમાં જશો તો મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો પહેલા કરતા વધુ જોવા મળશે.તેમણે કહ્યું કે આપણે જોયું હશે કે કતારમાં યોગ કાર્યક્રમમાં ૧૧૪ દેશોએ ભાગ લીધો અને ઈતિહાસ રચ્યો. તેમણે પોતાના સંબોધન દરમિયાન સ્ટાર્ટઅપ વર્લ્ડનો પણ ઉલ્લેખ કર્યો હતો. મન કી બાતમાં તેમણે ચંદ્ર કિશોર પાટીલનો ઉલ્લેખ કર્યો, તેમણે કહ્યું કે સ્વચ્છતા માટે તેમનું કામ પ્રશંસનીય છે. તે લોકોને ગોદાવરી નદીમાં કચરો ફેંકતા અટકાવે છે. તેમણે કહ્યું કે પાટીલજીનું આ કાર્ય લોકો માટે પ્રેરણારૂપ છે.

મન કી બાત કાર્યક્રમમાં પીએમ મોદીએ કહ્યું કે વિદેશમાંથી અમે આપણી ચોરાયેલી કલાકૃતિઓ પરત લાવ્યા છીએ. વર્ષ ૨૦૧૩ સુધી વિદેશમાંથી ૧૩ મૂર્તિઓ ભારતમાં આવી હતી, પરંતુ છેલ્લા ૭ વર્ષમાં અમે અમેરિકા, સિંગાપોર વગેરે દેશોમાંથી ચોરાયેલી ૨૦૦થી વધુ મૂર્તિઓ પરત લાવ્યા છીએ. પીએમ મોદીએ કહ્યું કે આઝાદીના અમૃત પર્વમાં આપણા દેશના દરેક જિલ્લામાં ઓછામાં ઓછા ૭૫ અમૃત સરોવર બનાવવામાં આવી શકે છે. કેટલાક જૂના તળાવોને સુધારી શકાય છે, કેટલાક નવા તળાવો બનાવી શકાય છે. મને ખાતરી છે કે તમે આ દિશામાં ચોક્કસ પ્રયાસ કરશો.

પીએમ મોદીએ તેમના કાર્યક્રમમાં ગુજરાતના માધાપુર મેળાની ચર્ચા કરી હતી. પીએમે કહ્યું કે આ મેળો ગુજરાતના માધવપુર ગામમાં યોજાય છે, પરંતુ આ મેળો દેશના પૂર્વ છેડા સાથે પણ સંબંધિત છે. આખરે આ કેવી રીતે શક્ય છે? પીએમે કહ્યું કે આનો જવાબ એક દંતકથામાં જોવા મળે છે, કહેવાય છે કે હજારો વર્ષ પહેલા ભગવાન કૃષ્ણના લગ્ન નોર્થ ઈસ્ટની રાજકુમારી રૂકમણી સાથે થયા હતા, આ લગ્ન પોરબંદરના માધવપુરમાં થયા હતા, આ લગ્નના પ્રતીકરૂપે માધવપુર મેળો ભરાય છે.. આના પરથી એવું લાગે છે કે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે આપણો ઊંડો સંબંધ છે. પીએમ મોદીએ કહ્યું કે જો તમને તક મળે તો આ મેળામાં અવશ્ય જાવ.

થોડાક દિવસો બાદ નવરાત્રી શરૂ થશે. નવરાત્રિમાં આપણે ઉપવાસ કરીએ છીએ, શક્તિની સાધના કરીએ છીએ, શક્તિની ઉપાસના કરીએ છીએ, એટલે કે આપણી પરંપરાઓ પણ આપણને ઉલ્લાસ અને સંયમ શીખવે છે. સંયમ અને દ્રઢતા પણ આપણા માટે તહેવાર છે, તેથી નવરાત્રી આપણા બધા માટે હંમેશા ખૂબ જ ખાસ રહી છે.

સંબોધન દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે દેશમાં ઘણા લોકો જળ સંરક્ષણ પર ઘણું કામ કરી રહ્યા છે. મહારાષ્ટ્રના રોહનનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે તે મહારાષ્ટ્રમાં સેંકડો પગથિયાવાળા કુવાઓને સાફ કરવાનું અભિયાન ચલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે આવા ઘણા લોકો છે જેમણે પાણી બચાવવાનું કામ કર્યું છે.પીએમ મોદીએ કહ્યું કે તમે તાજેતરમાં યોજાયેલા પદ્મ એવોર્ડ સમારોહમાં બાબા શિવાનંદને જોયા જ હશે. ૧૨૬ વર્ષના વૃદ્ધની ચપળતા જોઈને મારી જેમ દરેકને આશ્ચર્ય થયું હશે અને મેં જોયું, આંખના પલકારામાં તે નંદી મુદ્રામાં નમન કરવા લાગ્યા. મેં પણ બાબા શિવાનંદને વારંવાર પ્રણામ કર્યા. ૧૨૬ વર્ષની ઉંમર અને બાબા શિવાનંદની ફિટનેસ બંને આજે દેશમાં ચર્ચાનો વિષય છે. મેં સોશિયલ મીડિયા પર ઘણા લોકોની ટિપ્પણીઓ જોઈ કે બાબા શિવાનંદ તેમની ઉંમર કરતા ચાર ગણા વધુ ફિટ છે. ખરેખર, બાબા શિવાનંદનું જીવન આપણા બધાને પ્રેરણા આપનારું છે. હું તેમને લાંબુ આયુષ્ય ઈચ્છું છું. તેમને યોગ પ્રત્યે એક પ્રોમીસ છે અને તે ખૂબ જ સ્વસ્થ જીવનશૈલી તરફ દોરી જાય છે.

એપ્રિલ મહિનામાં આપણે બે મહાન હસ્તીઓની જન્મજયંતિ પણ ઉજવીશું. આ બંનેએ ભારતીય સમાજ પર ઊંડી અસર છોડી છે. આ મહાન હસ્તીઓ છે મહાત્મા ફુલે અને બાબાસાહેબ આંબેડકર. મિત્રો, મહાત્મા ફુલેની આ ચર્ચામાં સાવિત્રીબાઈ ફુલે જીનો ઉલ્લેખ પણ એટલો જ મહત્વપૂર્ણ છે. કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે હું 'મન કી બાત'ના શ્રોતાઓને મહાત્મા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે અને બાબાસાહેબ આંબેડકર સાથે જોડાયેલા સ્થળોની મુલાકાત લેવા વિનંતી કરીશ. ત્યાં તમને ઘણું શીખવા મળશે.

મોદીએ મન કી બાતમાં કહ્યું કે પૂર્વથી પશ્ચિમ, ઉત્તરથી દક્ષિણ સુધીની આ વિવિધતા ભારતને એક કરે છે અને એક ભારત-શ્રેષ્ઠ ભારત બનાવે છે. તેમાં પણ આપણાં ઐતિહાસિક સ્થળો અને પૌરાણિક કથાઓ બંનેનો ઘણો મોટો ફાળો છે. ભારતની સંસ્કૃતિ, આપણી ભાષાઓ, આપણી બોલીઓ, આપણી જીવનશૈલી, ખોરાકનું વિસ્તરણ, આ બધી વિવિધતા આપણી મહાન શક્તિઓ છે. મારા વ્હાલા દેશવાસીઓ, 'મન કી બાત'ની એક સુંદરતા એ છે કે મને તમારા સંદેશાઓ ઘણી ભાષાઓમાં, ઘણી બોલીઓમાં મળે છે.

## કેદારનાથ ધામના કપાટ ૬ એપ્રિલે ખુલશે,તૈયારીઓ તેજ કરાઈ

રૂદ્રપ્રયાગ,તા.૨૭

બે વર્ષના કોરોના કાળ બાદ આ વખતે ચારધામ પર રેકોર્ડ યાત્રી આવવાની શંકા લગાવવામાં આવી રહી છે.તેને લઈ બદરી કેદાર મંદિર સમિતિ(બીકેટીસી)એ કેદારનાથ ધામ માટે દર્શન કાર્યયોજના તૈયાર કરી લીધી છે.આગામી છ મેથી ૧૧ જ્યોર્તિલિંગ ભગવાન કેદારનાથ ધામ(બાબા કેદાર)ના કપાટ સામાન્ય ભક્તોના દર્શન માટે ખોલવામાં આવશે

પહેલીવાર યોજનામાં કેદારનાથ મંદિરની અંદર ચાર સ્થાનો પર કુલ ૧૨ કર્મચારીઓ તહેનાત રહેશે જે ૨૪ કલાક ફરજ બજાવશે.તેનો મુખ્ય હેતુ દર્શને આવનારાઓને સારી વ્યવસ્થા કરાવવાનો છે.ગત બે વર્ષથી કોવિડના કારણે યાત્રી ઓછી સંખ્યામાં દેવભૂમિ આવી શકયા હતાં પરંતુ આ વખતે બીકેટીસીને અનુમાન છે કે ફકત કેદારનાથ ધામમાં ૧૫ લાખથી વધુ યાત્રા દર્શન માટે આવી શકે છે.જે એક મોટો પડકાર રહેશે.આવામાં અહીં મંદિરની અંદર પ્રવેશ અને જવાની વ્યવસ્થા અને યાત્રી મેનેજમેંટ માટે દર્સન કાર્ય યોજના તૈયાર કરવામાં આવી છે.આ વ્યવસ્થા ગત અનેક વર્ષોની સરખામણીમાં વધુ સશક્ત બનાવવામાં આવી છે. યોજના અનુસાર કેદારનાથ મંદિરના ગર્ભ ગૃહમાં ૪,ગર્ભગૃહના દરવાજે બે,ગિમગિરીમાં ૨ અને સભા મંડપમાં ૪ કર્મચારી તહેનાત રહેશે જે ચોવીસ કલાક ફરજ બજાવશે.૬-૬ કલાકના રોસ્ટરમાં ત્રણ શિફટોમાં કર્મચારી ફરજ બજાવશે.પહેલા આ સંખ્યા સમિતિ જ રહેતી હતી આ ઉપરાંત પ્રવેસ દ્વાર પર અલગ કર્મચારી તહેનાત રહેશે યોજનાનો હેતુ એ છે કે દેશ વિદેશથી આવનાર યાત્રીકોને વધુ પરેશાની ન થાય

## પશ્ચિમ બંગાળમાં હિંસા મામલે સીબીઆઇએ ૨૧ લોકોને આરોપી બનાવ્યા

કોલકતા,૨૭

બીરભૂમ જિલ્લાના રામપુર હાટમાં કેટલાક અજાણ્યા લોકોએ દસ ઘરોને આગ ચાંપી દીધી હતી અને આઠ લોકોની હત્યા કરી હતી. આ મામલાની નોંધ લેતા કલકત્તા હાઈકોર્ટે આ મામલાની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો. હવે આ કેસની તપાસમાં લાગેલી સીબીઆઈએ ૨૧ લોકોને આરોપી બનાવ્યા છે. નોંધપાત્ર રીતે, સીબીઆઈની ૩૦ સભ્યોની ટીમ પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના રામપુરહાટ પહોંચી હતી અને ત્યાં હિંસાની તપાસ શરૂ કરી હતી. તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે થયેલી હિંસામાં દસ ઘરોને આગ ચાંપી દેવામાં આવી હતી. જેમાં મહિલાઓ અને બાળકો સહિત કુલ ૮ લોકોના મોત થયા હતા.અધિકારીના જણાવ્યા અનુસાર, પોતાને ત્રણ જૂથોમાં વહેંચીને, ડ્ઢૈંય્ અખિલેશ સિંહની આગેવાની હેઠળની ઝ્રમ્ૈં ટીમે ગામના પૂર્વાપરા વિસ્તારની મુલાકાત લીધી જ્યાં સ્થાનિક્‌ સ્ઝ્ર નેતા ભાદુ શેખની હત્યા બાદ ભયાનક હત્યા થઈ હતી.

સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના સ્ટાફ સાથે વિડિયોગ્રાફી સિવાય, સીબીઆઇ ટીમે વિસ્તારનું ૩ ડી સ્કેનિંગ કર્યું અને સ્થળ પરથી નમૂનાઓ એકત્રિત કર્યા.

## ૯ મહિનામાં ખાદીના વેચાણનો આંકડો ૩ હજાર કરોડ રૂપિયાને પાર કરી ગયો



નવીદિલ્હી,તા.૨૭

ખાદીની વધતી જતી લોકપ્રિયતા એવી છે કે ગયા વર્ષે ગાંધી જયંતિના અવસરે દિલ્હીમાં ખાદી ઈન્ડિયાના એકમાત્ર સ્ટોરે રૂ. ૧ કરોડથી વધુનું વેચાણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઘણીવાર ખાદીના કપડામાં જોવા મળે છે.તાજેતરના સમયમાં ખાદીની લોકપ્રિયતા અને સ્વીકૃતિ ઝડપથી વધી છે. હવે લોકો ખાદીના કપડાંને એ રીતે પસંદ કરવા લાગ્યા છે કે તે એક મોટી બ્રાન્ડ તરીકે ઉભરી આવી છે. ખાદીના સતત વધી રહેલા વેચાણ પરથી આ સ્પષ્ટપણે જોવા મળે છે. સરકારી ડેટા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૯ મહિનામાં ખાદીના વેચાણનો આંકડો ૩ હજાર કરોડ રૂપિયાને પાર કરી ગયો છે. રાજ્ય મંત્રી ભાનુ પ્રતાપ સિંહ વર્માએ આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ગત નાણાકીય વર્ષમાં ખાદીના વેચાણનો આંકડો ૩,૫૨૭.૭૧ કરોડ રૂપિયા હતો. આ નાણાકીય વર્ષની વાત કરીએ તો માત્ર એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં ૩,૦૩૦ કરોડ રૂપિયાનું વેચાણ થયું છે. તેમણે નીચલા ગૃહને કહ્યું કે સરકાર અને તેમના મંત્રાલયે ખાદીના પરંપરાગત ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે ઘણા પગલાં લીધા છે.

### બિહારમાં સુરક્ષાદળો પર હુમલાના કાવતરાનો ખુલાસો

## એસએસબીના જવાનોને ૪૫ રાઉન્ડ ૩૦ એમએમના જીવતા કારતુસ અને વિસ્ફોટકો મળી આવ્યા

પટણા,તા.૨૭

બિહારના જમુઈમાં નકસલી બિહારના સુરક્ષાદળો પર મોટો હુમલો કરનાર હતાં.પરંતુ સુરક્ષા દળો તરફથી ચલાવવામાં આવેલ વિશેષ ઓપરેશનમાં ભારે માત્રમાં વિસ્ફોટક સામગ્રી મળી આવતા નકસલીઓના ઈરાદા પર પાણી ફરી વળ્યું છે.સુરક્ષા દળો તરફથી આપવામાં આવેલ માહિતી અનુસાર હાર્ડકોર નકસલી પિંટા રાણાની ટુકડીની માહિતી પર જમુઈના જંગલોમાં સુરક્ષા દળોએ સર્ચ અભિયાન ચલાવ્યું હતું આ દરમિયાન મોટી માત્રામાં વિસ્ફોટક અને કારતુસ સહિત નકસલી સાહિત્ય અને સામગ્રી કબજે કરવામાં આવી હતી.

સુરક્ષાદળોએ જીલ્લાના ચંદ્રમંડીહ પોલીસ સ્ટેશન વિસ્તારના બેદરા અને હરલાના જંગલોમાં સર્ચ અભિયાન ચલાવ્યું પોલીસ તરફથી ચલાવવામાં આવેલ આ અભિયાને નકસલીઓના ઈરાદા પર પાણી ફરી વળ્યું હતું નકસલીઓએ સુરક્ષાદળોને નિશાન બનાવવા માટે જંગલમાં વિસ્ફોટકની સાથે કંટેનર અને ટિફિન બોંબ છુપાવીને રાખ્યા હતાં સર્ચ અભિયાન દરમિયાન એસએસબીના જવાનોએ ૪૫ રાઉન્ડ ૩૦ એમએમની જીવતા કારતુસ ઉપરાંત વિસ્ફોટકથી ભરેલ ૨૯ કિલોના બે સ્ટીલ કંટેનર કબજે કર્યા હતાં જેમાં ડેટોનેટર લગાવેલ હતાં ૫૦૦ મીટર વિજળીના તાર પણ કબજે કરવામાં આવ્યા હતાં આ સાથે જ સુરક્ષાદળોએ ૫ કિલો ટિફિન બોંબ અને નકસલી સંગઠન ભાકપા માઓવાદીના લેટર પેડ અને સ્ટીલનું કંટેનર કબજે કર્યું હતું.



એસએસબીના ઈટેંલીજેંસને માહિતી મળી હતી કે નકસલી અને તેનાથી જોડાયેલ હુમલાખોર હાર્ડકોર નકસલી સુરક્ષા દળો પર હુમલા માટે તૈયારી કરી રહ્યાં છે આ સાથે જ નકસલી પિંટુ રાણા જે જોનલ કમાંડર છે તે પોતાની એક વિશેષ ટુકડીની સાથે સંયુકત અને સોનોના વિસ્તારમાં સક્રિય રહી હુમલા માટે રેકી કરી રહ્યો છે.

આ માહિતી મળ્યા બાદ એસએસબીએ સતર્કતા દાખવી કાર્યવાહી કરી અને વિશેષ ટીમની સાથે જંગલમાં સર્ચ અભિયાનને પરિણામ આપ્યું આ ઓપરેશનના કારણે માનવામાં આવી રહી છે કે નકસલીઓની કમર તુટી ગઇ છે અને તે લોકોનો હુમલો કરવાની યોજના પુરી રીતે નિષ્ફળ ગઇ છે.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૪૨૧ કેસ,૧૪૯ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૨૭

દેશમાં આજે પણ કોરોના વાયરસ રોગચાળાના નવા કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧૪૨૧ નવા કેસ નોંધાયા છે અને ૧૪૯ લોકોના મોત થયા છે. ગઈકાલે કોરોનાના ૧૬૬૦ કેસ નોંધાયા હતા. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૪ કરોડ ૩૦ લાખ ૧૯ હજાર ૪૫૩ કેસ નોંધાયા છે..

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ, ગઈકાલે દેશમાં ૧ હજાર ૮૨૬ લોકો સાજા થયા હતા, ત્યારબાદ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૬ હજાર ૧૮૭ થઈ ગઈ છે. આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૨૧ હજાર ૪ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૪ લાખ ૮૨ હજાર ૨૬૨ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે.

રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૩ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૨૯ લાખ ૯૦ હજાર ૬૫૮ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૮૩ કરોડ ૨૦ લાખ ૧૦ હજાર ૩૦ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૨૫,૫૫,૮૧૫) થી વધુ નિવારક રસીઓ આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. તે જ સમયે, કોરોના યોદ્ધાઓ માટે રસીકરણ અભિયાન ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.

## તંત્રી સ્થાનેથી...

# કાશ્મીર ફાઈલ્સ પર કેજરીવાલનો કટાક્ષ!

*‘ધ કાશ્મીર ફાઈલ્સ’ ફિલ્મ રિલીઝ થઈ છે ત્યારથી તે કોઈને કોઈ વાતે ચર્ચામાં રહે છે. ચર્ચા કરનારાઓમાં તેના સમર્થકો પણ હોય છે અને તેના વિરોધીઓ પણ હોય છે. વિરોધીઓમાં ઘણા બુદ્દિધજીવીઓ છે, જેમને આ ફિલ્મથી જબરી ચૂંક ઉપડી છે. આવા વિરોધીઓમાંના કેટલાક એમ કહે છે કે ફિલ્મના ડાયરેક્ટર વિવેક અગ્નિહોત્રીએ કાશ્મીરી પંડિતોની વ્યથા પર ફિલ્મ બનાવીને કમાણી કરી લીધી છે, તેનો મોટો હિસ્સો કાશ્મીરી પંડિતોને આપી દેવો જોઇએ. કેટલાક વિરોધીઓ એ વાતે નારાજ છે કે ફિલ્મ મફત જ કેમ નથી બતાવતા? જો લોકોને જાગૃત કરવા ફિલ્મ બનાવી હોય તો મફત બતાવવાનો વિરોધ કેમ કરે છે? તેનાથી વિવેક અગ્નિહોત્રી લાલચુ હોવાનું જણાય છે. આ જ લાઈન પર ચાલતાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ આ ફિલ્મ પર કટાક્ષ કર્યો છે. કેજરીવાલ આમ તો બહુ ચાલાક રાજકારણી છે. તેઓ બહુ જોઈ-વિચારીને બોલતા હોય છે, પરંતુ આજે તેમણે ‘ધ કાશ્મીર ફાઈલ્સ’ને જૂઠ્ઠાણું ગણાવી દીધી. તેના ડાયરેક્ટર વિવેક અગ્નિહોત્રીની મજાક ઉડાવી! તેમણે એમ કહ્યું કે દિલ્હીમાં ફિલ્મને ટેક્સ-ફ્રી કરવાની શી જરૂર છે, તેને યુટ્યૂબ પર જ મૂકી દો તો બધા જોઈ લેશે! કેજરીવાલની દૃષ્ટિએ જોઈએ તો દરેક બીજી ફિલ્મ કોઈને કોઈ સંદેશ આપતી જોવા મળે છે. એ હિસાબે તો ‘થ્રી ઇડિયટ્સ’ને પણ યુટ્યૂબ પર જ રજૂ કરી દેવાની હતી. ગાંધીગીરીનો સંદેશ આપતી ફિલ્મ ‘મુન્નાભાઈ એમબીબીએસ’ને તો થિયેટરને બદલે સીધી ટીવી પર જ રજૂ કરી દેવાની હતી. ‘ઉરી’ ફિલ્મને તો દિલ્હીના રામલીલા મેદાનમાં મોટી સ્ક્રીન લગાવીને બતાવવાની હતી. એ જ રીતે બી.આર. ચોપડાએ દૂરદર્શન પર ‘મહાભારત’ અને રામાનંદ સાગરે ‘રામાયણ’ દેખાડવાના પૈસા નહોતા લેવાના. અને એ જ તર્ક પર જતાં કેજરીવાલ અને તેમના તમામ ધારાસભ્યોએ પગાર લીધા વિના જ કામ કરવું જોઇએ, કારણ કે તેઓ પણ જનતાની સેવા કરવાનું નેક કામ જ કરી રહ્યા છે! પરંતુ હકીકત એ છે કે આ જ કેજરીવાલે મુખ્યમંત્રી બનતાં જ પોતાના ધારાસભ્યોનો પગાર ૪૦૦ ટકા વધારી દીધો હતો!*

*કાશ્મીર ફાઈલ્સનો પ્રચાર કરવા પર ભાજપી નેતાઓ પર તીર ચલાવતાં કેજરીવાલે ત્યાં સુધી કહી દીધું કે આ ‘જૂઠ્ઠી ફિલ્મ’નો પ્રચાર કરવાનું બંધ કરો. રાજકારણમાં વિરોધી દળોના નેતાઓ પર પ્રહાર કરવા એ તો સમજાય છે. ફિલ્મનો પ્રચાર કરીને જો ભાજપના નેતાઓ પોતાનું રાજકારણ રમતા હોય તો કેજરીવાલ પણ તેઓની ટીકા કરીને પોતાનું રાજકારણ કરે તેમાં કોઈને વાંધો ન હોય, પરંતુ એમ કહી દેવું કે આ એક ‘જૂઠ્ઠી ફિલ્મ’ છે એ નિતાંત સંવેદનહીન નિવેદન છે! આમ કહીને તેમણે લાખો-કરોડો હિંદુઓની ભાવનાઓ પર આઘાત કર્યો છે. ફિલ્મ સાથે જોડાયેલા ઐતિહાસિક તથ્ય પર ચર્ચા થઈ શકે છે, પરંતુ ફક્ત એ એક-બે તથ્યોની આડમાં આખી ફિલ્મને ખોટી ગણાવી દેવી બહુ બાલિશ છે. જો કેજરીવાલને ખરેખર લાગતું હોય કે આ ફિલ્મ તો સદંતર ખોટી છે, તો તેમણે આ જ વાત કાશ્મીરી પંડિતો વચ્ચે જઈને કરવી જોઇએ. કેજરીવાલે થોડા દિવસો પહેલાં દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની લાઈનો કોપી કરીને પેસ્ટ કરી દીધી છે. જો તેમણે એ લાઇનો પર અનુસરણ કર્યું હોત તો કદાચ ફિલ્મ માટે આવા શબ્દો તેમના મોંમાંથી ન નીકળ્યા હોત. કેજરીવાલ કદાચ ફિલ્મના કોઈ સીન પર વાંધો ઉઠાવી શકતા હતા, કોઈ પાત્ર પર સવાલ કરી શકતા હતા, તેના ડાયરેક્ટર વિવેક રંજન અગ્નિહોત્રીને સંઘી કે ભક્ત જેવી સંજ્ઞા આપી શકતા હતા, પરંતુ ૧૯૯૦ની એ ઘટનાઓ પર આધારિત આખી ફિલ્મને તમે નકારી દો એ પંડિતોના જખમ પર મીઠું ભભરાવવા જેવું છે. કેજરીવાલની શી મજબૂરી હશે એ તો તેમને જ ખબર! જોકે કેજરીવાલ જેવાઓના કહેવાથી એટલો ફરક નથી પડતો, જેટલો ફરક આ ફિલ્મે સમાજમાં આણ્યો છે! ૧૯૯૦માં કાશ્મીરી પંડિતો સાથે શું થયું તે આજની પેઢીએ પોતાની આંખોએ જોયું નથી. પુસ્તકોમાં પણ એટલું જ વાંચ્યું જેટલું જણાવવું ડાબેરી બુદ્દિધજીવીઓએ જરૂરી માન્યું. એવામાં આ ફિલ્મે જાગૃતિની જે લહેર જગાવી છે, તે અભૂતપૂર્વ છે. ત્યારે શિક્ષિત નેતા ગણાતા કેજરીવાલ પાસેથી આવી છીછરી અપેક્ષા નહોતી. જોકે આ પહેલી વાર નથી કે કેજરીવાલે હિંદુઓની ભાવનાઓ સાથે રમત કરી હોય, આ પહેલાં દિલ્હી રમખાણો વખતે પણ તેમનાં નિવેદન જોઈ લેવાં.*

# મોંઘવારી કંટ્રોલ થઇ નહીં તો ભ્રૂણ હત્યા અને બાલ વિવાહના કેસ વધશે : મુખ્યમંત્રી હેમંત સોરેન

રાંચી,તા.૨૭

મોંઘવારી વધવા પર ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને એક અજીબો ગરીબ નિવેદન આપ્યું છે.તેમણે કહ્યું કે મોંઘવારી પર કાબુમાં નહીં આવે તો દેશમાં કન્યા ભ્રૂણ અને બાલ વિવાહના મામલા વધશે હાલ રાજયમાં વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે આ દરમિયાન મુખ્યમંત્રી હેમંત સોરેને આ વાત કહી હતી. હેમંત સોરેને કહ્યું કે દેશમાં મોંઘવારી ખુબ વધી રહી છે તેના પર અંકુશ લગાવવો જોઈએ તેમણે દાવો કર્યો કે આવનારા સમયમાં જો મોંઘવારીને લઇ સ્થિતિ સુધરશે નહીં તો બેટી બચાવો બેટી પઢાવો જેવા અભિયાન સમાપ્ત થઇ જશે કારણ કે લોકોની પાસે પોતાની પુત્રીને શિક્ષા આપવા માટે પૈસા હશે નહીં.

આ દરમિયાન મુખ્યમંત્રી સોરેને કહ્યું કે દેશના આદિવાસી દલિત પછાત વર્ગ મોંઘવારીથી સૌથી વધુ પ્રભાવિત થશે આથી તેમની પાસે પોતાના પરિવારનું ભરણપોષણ કરવાનું મુશ્કેલ બની જશે આ સાથે જ તેમણે કહ્યું કે સ્થિતિ સુધરશે નહીં તો કન્યા ભ્રૂણ હત્યા અને બાલ વિવાહના કેસોમાં વધારો થશે.એ યાદ રહે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પેટ્રોલ ડીઝલની કીમતો વધતા કહ્યું હતું કે ગેસ ડીઝલ અને પેટ્રોલના ભાવો પર લાગેલ લોકડાઉન હટી ગયું છે.હવે સરકાર સતત કીમતોનો વિકાસ કરશે મોંઘવારીની મહામારીની બાબતમાં વડાપ્રધાનને કંઇ પુછીએ છીએ તો તે કહે છે કે થાળી વગાડો,

કોંગ્રેસ મોંઘવારીને લઇ આંદોલન કરવા જઇ રહી છે.કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું હતું કે અમે પહેલા જ કહી રહ્યાં હતાં કે વિધાનસભા ચુંટણી બાદ બળતણના ભાવોમાં વધારો થશે અને આમ થયું છે મોદી સરકાર ગરીબોને લુંટવામાં કોઇ કસર છોડતી નથી અમે સામાન્ય લોકો માટે મોંઘવારીની વિરૂધ્ધ આંદોલન કરીશું

# કાશ્મીરમાં આતંકવાદીઓએ પોલીસ અધિકારીની હત્યા કરી

શ્રીનગર,તા.૨૭

જમ્મુ અને કાશ્મીરના બડગામ જિલ્લામાં આતંકવાદીઓએ સ્પેશિયલ પોલીસ ઓફિસર (એસપીઓ)ની ગોળી મારીને હત્યા કરી હતી, જ્યારે તેના ભાઈને ઈજા થઈ હતી. અધિકારીઓએ આ માહિતી આપી હતી. “આતંકવાદીઓએ શનિવારે રાત્રે લગભગ ૮.૩૫ વાગ્યે ગોળીબાર કર્યો અને બડગામના ચાડબગ ખાતેના તેમના નિવાસસ્થાન નજીક એસપીઓ ઈશ્ફાક અહેમદને ગંભીર રીતે ઘાયલ કર્યા,” એક અધિકારીએ જણાવ્યું. ,

તેમણે કહ્યું કે ફાયરિંગમાં અહેમદના ભાઈ ઉમર જાનને પણ ગોળીઓ વાગી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને ભાઈઓને બેમિનાની SKIMS હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં અહેમદનું મૃત્યુ થયું હતું. તેમણે કહ્યું કે ઓમરની સારવાર ચાલી રહી છે અને હુમલાખોરોને પકડવા માટે વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને અનેક રાજકીય પક્ષોના નેતાઓએ એસપીઓની હત્યાની નિંદા કરી હતી. સિન્હાએ ટ્વિટર પર લખ્યું, “હું એસપીઓ ઈશ્ફાક અહેમદ અને તેમના ભાઈ ઉમર જાન પર આતંકવાદી હુમલાની સખત નિંદા કરું છું. શહીદ થયેલા ઈશ્ફાકને શ્રદ્ધાંજલિ અને ઉમરના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના.” તે જ સમયે, નેશનલ કોન્ફરન્સે ટ્વિટ કર્યું, “અમે મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લાના ચડબગ ગામમાં એસપીએઓ ઈશફાક અહેમદની કાયરતાપૂર્ણ હત્યાની સખત નિંદા કરીએ છીએ. તેમના પ્રિયજનો અને પોલીસ પ્રત્યે અમારી સંવેદના. હુમલામાં ઘાયલ થયેલા તેના ભાઈ ઉમરના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના.

## બંગાળ બોમ્બના ઢગલા પર બેઠું છે

# ૨૪ કલાકમાં ૯ જિલ્લામાંથી ૩૫૦ થી વધુ બોમ્બ મળી આવ્યા

કોલકતા,૨૭

બીરભૂમ હિંસા બાદ પોલીસના દરોડામાં છેલ્લા ૨૪ કલાકમાં બંગાળમાં અલગ-અલગ જગ્યાએથી ૩૫૦થી વધુ ક્રૂડ બોમ્બ મળી આવ્યા છે. તેમાંથી મોટાભાગના બીરભૂમના મારગ્રામ વિસ્તારની નજીક ૨૦૦ બોમ્બ મળી આવ્યા છે. પોલીસના દરોડામાં લગભગ ૧૧ લોકો ક્રૂડ બોમ્બ સાથે પણ ઝડપાયા છે.પોલીસના દરોડામાં મારગ્રામ વિસ્તારમાં શનિવારે ૪ ડોલમાં રાખવામાં આવેલા ૨૦૦ બોમ્બ મળી આવ્યા હતા. મારગ્રામથી હિંસાગ્રસ્ત બીગતુઈ ગામનું અંતર લગભગ ૪૦ કિમી છે. જિલ્લા એસપી નાગેન્દ્ર ત્રિપાઠીએ કહ્યું કે ક્રૂડ બોમ્બની રિકવરી માટે સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે. ચાલો જાણીએ, છેલ્લા ૨૪ કલાકમાં બંગાળના કયા-કયા જિલ્લામાંથી બોમ્બ મળી આવ્યા છે.

પોલીસે પશ્ચિમ મેદનીપુરના કેશવપુરમાં દરોડા પાડીને ૧૦૦ ક્રૂડ બોમ્બ જપ્ત કર્યા છે. માલદા જિલ્લાના હરિશ્ચંદ્રપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના એક ગામમાંથી ચાર બોમ્બ મળી આવ્યા હતા. જિલ્લાના કાલિયાચક વિસ્તારમાં એક ઘરમાં બોમ્બથી વિસ્ફોટ થયો હતો, જેમાં ત્રણ વર્ષના બાળકનું મોત થયું હતું.ઉત્તર ૨૪ પરગનાના જગદલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આઠ બોમ્બ મળી આવ્યા છે. જિલ્લા શ્યામનગર પ્રભાતી સંઘ મેદાનમાંથી ગેરકાયદેસર હથિયારો સાથે ત્રણ લોકોની ધરપકડ થઈ છે.દરોડા દરમિયાન પૂર્વ બર્દવાનના મેમારી અને કૃષ્ણપુરમાંથી ૫ બોમ્બ મળી આવ્યા હતા. આ દરમિયાન પોલીસે ૨ લોકોની ધરપકડ કરી હતી.

પોલીસને મુર્શિદાબાદના જંગીપુરમાંથી બે ડોલ બોમ્બ (૧૪ નંગ) મળી આવ્યા હતા. બોમ્બ ક્યાંથી આવ્યો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.ઉત્તર દિનાજપુરના રાયગંજમાંથી પોલીસને ૪ પાઈપ બોમ્બ મળ્યા છે. પોલીસે બોમ્બ સાથે ૩ લોકોની ધરપકડ કરી હતી. દરેકની પૂછપરછ કરવામાં આવી રહી છે.કોલકાતાને અડીને આવેલા હાવડાના નવપલ્લીમાં બે બોમ્બ મળી આવ્યા હતા. બોમ્બ સાથે પોલીસે એક વ્યક્તિની પણ ધરપકડ કરી છે.નદિયાના કૃષ્ણનગરમાં દરોડા દરમિયાન ૧૪ ક્રૂડ બોમ્બ મળી આવ્યા હતા. પોલીસે બોમ્બ બનાવનારા ૩ આરોપીઓને પણ ઝડપ્યા હતા.

બીરભૂમ હિંસા પછી, મમતા બેનર્જીએ કાર્યકારી ડીજીપી મનોજ માલવિયને રાજ્યમાંથી તમામ ગેરકાયદે બોમ્બ દૂર કરવાના અને હથિયારો જપ્ત કરવાના નિર્દેશ આપ્યા હતા. મમતાની સૂચના બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ટીમ બેરકપુર-બીજપુર વિભાગમાં વધુ સક્રિય બની છે. આ અભિયાન ૧૦ દિવસ સુધી ચાલશે.

રાજ્યપાલ જગદીપ ધનખરે મીડિયાની સામે ઘણી વખત દાવો કર્યો છે કે બંગાળમાં મોટી સંખ્યામાં ગેરકાયદે બોમ્બ બનાવતી ફેક્ટરીઓ ફૂલીફાલી રહી છે. ગયા દિવસોમાં તેમણે બીરભૂમ હિંસા દરમિયાન વીડિયો જાહેર કરીને કહેવામાં આવ્યું હતું કે બંગાળમાં કાયદાનું શાસન સમાપ્ત થઈ ગયું છે. મુખ્યમંત્રીએ તેમના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો.

બંગાળમાં મંત્રીઓથી લઈને સાંસદો અને ધારાસભ્યો બોમ્બ હુમલાની ઝપેટમાં આવી ગયા છે. ૨૦૨૧ની ચૂંટણીના પ્રચાર માટે મુર્શિદાબાદ ગયેલા તત્કાલિન મંત્રી ઝાકિર હુસૈન બોમ્બ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. ગયા દિવસોમાં જ કોલકાતા નજીક બીજેપી સાંસદ જગનાથ સરકારની કાર પર બોમ્બથી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેઓ માંડ-માંડ બચી ગયા હતા.

# મહારાષ્ટ્રમાં ધારાસભ્યો માટે ૩૦૦ ફ્લેટોની જાહેરાત : ભાજપે વિરોધ કર્યો



મુંબઇ,તા.૨૭

મહારાષ્ટ્રમાં આવાસ મંત્રી જીતેન્દ્ર અવહદ દ્વારા ધારાસભ્યો માટે મુંબઈમાં ૩૦૦ ફલેટોની જાહેરાતના એક દિવસ બાદ ભાજપના ધારાસભ્ય રામ કદમે કહ્યું કે ફલેટ સેનાના જવાનો અને અગ્રિમ પંક્તિના કાર્યકર્તાઓની વિધવાઓને આપવા જોઈએ ભાજપે એ પણ આરોપ લગાવ્યો કે આ ઘર ધારાસભ્યોને આપવામાં આવી રહ્યાં છે કારણ કે એમવીએ (મહારાષ્ટ્ર વિકાસ અઘાડી)ને ભય છે કે તે પક્ષાપલ્ટી કરી ભાજપમાં સામેલ થઇ જશે.કદમે કહ્યું કે અમે ધારાસભ્યોને આપવામાં આવેલ ઘરોની વિરૂધ્ધ નથી પરંતુ તેને સેનાના જવાનો અને અગ્રમિ હરોળના કાર્યકર્તાઓની વિધવાઓને પ્રાથમિકતા આપવી જોઈએ જેમણે મહામારી દરમિયાન પોતાનો જીવ ગુમાવ્યો છે આ લોકોને પહેલા મફત ઘર આપવા જોઈએ સરકારે આ યોજનાની જાહેરાત કરી ધારાસભ્યોને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે આ યોજનાને આવાસ મંત્રી જીતેન્દ્ર અહવાદનું નામ આપવું જોઈએ આ એમવીએ દ્વારા પોતાના ઝંડાને એક સાથે રાખવા માટે એક પગલુ છે.

આ આરોપોનો જવાબ આપતાં જીતેન્દ્ર અવહદે કહ્યું કે આ ફલેટ મફતમાં નથી અને મુંબઇના ધારાસભ્યોને આપવામાં આવશે નહીં મુંબઇ મેટ્રોપોલિટન રીજન(એમએમઆર)ના ધારાસભ્યો આ એપાર્ટમેન્ટો માટે પાત્ર રહેશે નહીં અને ફકત તે ધારાસભ્યો જેમની પાસે મુંબઇમાં ઘર નથી તેઓ જ તેનો લાભ ઉઠાવી શકશે એવા અનેક લોકો છે જેમ કે અભિનેતા મીડિયા કર્મી અને અન્ય જેમને ફલેટ મળ્યા છે આ મારા તરફથી કોઇ નવી જાહેરાત નથી એમવીએને આવા નિર્ણયોની જાહેરાત કરવાનો અધિકાર છે રામ કદમ પોતાના ભાજપના ધારાસભ્યોને કહે કે તે આ ઘરો માટે અરજી ન કરે આ મકાનો માટે ન્યુનતમ રકમ ૭૦ લાખથી ૧ કરોડની વચ્ચે છે. એ યાદ રહે કે જીતેન્દ્રે રાજય વિધાનસભામાં જાહેરાત કરી હતી કે મહારાષ્ટ્ર આવાસ અને ક્ષેત્ર વિકાસ પ્રાધિકરણ(મ્હાડા) મુંબઇના પશ્ચિમી ઉપનગર ગોરેગાંવમાં ધારાસભ્યો માટે ફલેટનું નિર્માણ કરશે તેમણે કહ્યું કે ગોરેગાંવ વિસ્તારમાં મ્હાડાની પાસે પહેલા જ એક જમીન છે અને અમે તાકિદે ૩૦૦ ઉચ્ચ આવક વર્ગના ફલેટ બનાવીશું જે ધારાસભ્યોને આપવામાં આવશે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પણ વિધાનસભાના બજેટ સત્રમાં આ નિર્ણયને સમર્થન આપ્યું હતું તેમણે નિર્ણયનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે આ ધારાસભ્યો માટે એક સ્થાયી નિવાસ પ્રદાન કરશે

# તિરૂપતિમાં ડ્રાઈવરની બેદરકારીના કારણે બસમાં ખીણમાં પડી, ૭ લોકોના મોત થયા

,તિરૂપતિ,તા.૨૭

આજકાલ અકસ્માતોમાં અનેક નિર્દોષ લોકોને પોતાની જિંદગી ગુમાવવી પડે છે. ત્યારે આંધ્રપ્રદેશના ચિતૂરમાં મોડીરાત્રે એક બસ દુર્ઘટનામાં ૭ લોકોના કમકમાટીભર્યા મોત થયા, જ્યારે ૪૫થી વધુ લોકો ઘાયલ થયા. રિપોર્ટ અનુસાર આ દુર્ઘટના તિરૂપતિથી ૨૫ કિલોમીટર દૂર બકરાપેટામાં બની. નજરે જોનારાઓના મતે, ડ્રાઇવરની બેદરકારીને કારણે બસ ભેખડ પરથી ખાડીમાં પડી હતી. એસપી તિરુપતિએ જણાવ્યું કે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જણાવવામાં આવ્યું છે કે આ બસ સગાઈ સમારોહમાં જઈ રહી હતી.

રિપોર્ટના મતે, આ અકસ્માત શનિવારે મોડીસાંજે તિરૂપતિથી લગભગ ૨૫ કિલોમીટર દુર ચંદ્રગિરી મંડળમાં બકરાપેટ વિસ્તારમાં બન્યો હતો. આ ઘટનાની જાણ સ્થાનિક લોકોને થતાં લોકો ભેગા થઈ ગયા હતા, તેમણે તાત્કાલિક પોલીસને આ દુર્ઘટના વિશે માહિતી આપી અને રેસ્ક્યૂ ટીમ પહોંચે ત્યાં સુધીમાં જાતે રાહત કાર્યમાં જોડાઈ ગયા હતા. થોડી વારમાં પોલીસ અને તંત્રની ટીમ સાથે રેસ્ક્યૂ ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. જોકે રાતના અંધારું હોવાના કારણે રેસ્ક્યૂમાં મુશ્કેલી પડી રહી હતી. એવામાં રવિવાર સવાર થતાં જ રેસ્ક્યૂ ફરીથી શરૂ કરવામાં આવ્યું છે. રેસ્ક્યૂ શરૂ કર્યાના થોડીક જ મીનિટોમાં ૭ લોકોના મૃતદેહ અને ૪૫ લોકોને બહાર કાઢવામાં આવ્યા. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ગંભીર રૂપથી ઘાયલોને હાયર સેન્ટરમાં રેફર કરવામાં આવ્યા. પોલીસે આ ઘટના વિશે જણાવ્યું કે મામલાની તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીની તપાસમાં જાણવા મળી રહ્યું છે કે બસ એક સગાઈ સમારોહમાં જઈ રહી હતી.

# હનુમાન ચરિત્રઃરામ દુઆરે તુમ રખવારે



વિનોદભાઈ માછી નિરંકારી

સંતવાણીમાં કહ્યું છે કે ×સંત બડે ભગવંતસે કહ ગયે સંત સુજાન, સેતુ બાંધ શ્રી રામ ગયે લાંઘ ગયે હનુમાન..× પરંતુ હનુમાનજીના માટે તો એટલું જ કહેવામાં આવ્યું છે કે ×રામ દુઆરે તુમ રખવારે,હોત ન આજ્ઞા બિનું પૈસારે..× એટલે કે હે હનુમાનજી..! આપ રામ દ્વારા ઉપર પ્રહરી બનીને ઉભા રહો છો.આપની આજ્ઞા વિના કોઇનો પણ રામ દ્વારમાં પ્રવેશ થઇ શકતો નથી.આ પંક્તિમાં ઘણું મોટું રહસ્ય છે.ઘરના દ્વાર ઉપર પ્રહરી હોય તો તેમની આજ્ઞા વિના ઘરમાં પ્રવેશ કરી શકાતો નથી પરંતુ અહીયાં તો ઘરના દ્વાર ઉપર નહી પરંતુ રામના દ્વાર ઉપર પ્રહરીના રૂપમાં હનુમાનજી ઉભા છે એટલે તેમની આજ્ઞા વિના રામ (અવિનાશી બ્રહ્મ)માં પ્રવેશ થઇ શકતો નથી. ભગવાન શ્રી કૃષ્ણ ભગવદ ગીતામાં કહે છે કે ×તું મારામાં મનને સ્થિર કર અને મારામાં જ બુધ્ધિને જોડ આ પછી તું મારામાં જ નિવાસ કરીશ એમાં લેશમાત્ર સંશય નથી.×(૧૨/૮) એટલે કે ભગવાનમાં વાસ કરવાનો છે તેમના ઘરમાં નહી એટલા માટે તો ભગવાનનું વિશ્વ વિખ્યાત નામ ×વાસુદેવ× છે જેનો અર્થ કરતાં આદિ શંકરાચાર્યજીએ કહ્યું છે કે ×જેમાં સમગ્ર સૃષ્ટિ વાસ કરે છે તે વાસુદેવ છે.× આમ પણ ભગવાન અને ભગવાનનું ઘર બન્ને અલગ અલગ નથી કારણ કે ભગવાને ગીતામાં કહ્યું છે કે ×તે પરમ પદને સૂર્ય ચંદ્રમા કે અગ્નિ પણ પ્રકાશિત કરી શકતા નથી અને જે પરમ પદને પામીને મનુષ્યો પાછા સંસારમાં આવતા નથી તે જ મારૂં પરમધામ છે.×(૧૫/૬) એટલે કે જ્યાં સૂર્ય ચંદ્રમા તારાઓ અગ્નિ વગેરે નથી ત્યાં નિરાકાર પ્રભુનું દશમું દ્વાર છે અને તેમાં જ ભક્તો રહે છે.આ રામમાં પ્રવેશ કરવા માટે હરિભક્ત કે હરિજનની કૃપા અનિવાર્ય છે. હરિથી નહી પરંતુ હરિજન,પ્રભુ ભક્ત સાથે પ્રેમ કર કારણ કે હરિ તો ધન દૌલત, ભૌત્તિક સંપત્તિ આપશે જયારે હરિના ભક્તો તો હરિને જ આપે છે. હનુમાનજી પ્રભુના પરમ પ્રિય ભક્ત હતા એટલે તેમના માટે કહેવામાં આવ્યું છે કે આપ જેવા ભક્ત જ પ્રભુના દ્વારપાળ છો અને આપની આજ્ઞા વિના કોઇ પ્રભુ પરમાત્મામાં પ્રવેશ કરી ભક્ત બની શકતો નથી.જ્ઞાની તો પ્રભુને જાણે છે પરંતુ ભક્ત તો તેમનામાં નિવાસ કરે છે.બ્રહ્મજ્ઞાનીઓનું ભોજન જ્ઞાન છે. આવા જ અનન્ય ભક્ત હનુમાનજી હતા કે જેમને રામને હૃદયમાં વસાવીને સર્વત્ર રામનાં જ દર્શન કરતા હતા.અંદર પણ રામ અને બહાર પણ રામ, સર્વત્ર રામ જ રામ, નિરાકાર પણ રામ અને સકળ સંસારના તમામ જડ ચેતનમાં પણ રામ.. તમામને રામરૂપ જાણીને તમામના ભલા માટેની કામના અને તમામના પ્રત્યે દાસ્યભાવ એ જ અનન્ય ભક્તિનું વાસ્તવિક સ્વરૂપ હનુમાનજીમાં જોવા મળે છે.

અહી પ્રશ્ન એ થાય કે આવા ભક્ત કે જે તમામની ભલાઇના માટે જ કામના કરે છે તો હનુમાનજીએ અક્ષયકુમાર વધ, અશોકવાટિકાના માળીઓ સાથે મારપીટ કરી, લંકાદહન વગેરે કાર્યો કેમ કર્યા..? એનો જવાબ એ છે કે તેઓ સમવર્તન કે વિષમવર્તનનો આગ્રહ રાખતા નથી પરંતુ તેઓ તમામની સાથે યથાયોગ્ય વર્તન કરતા હોય છે.પોતાના પ્રભુના કાર્યો (સેવા) કરવા માટે તેઓ કાળનો સામનો કરતાં પણ ખચકાતા નથી.આ વાતને આપણે એક ઉદાહરણથી સમજીએ.. ×એક ગુલાબની ડાળખી આપણને મળી. તેનામાં કાંટા ફુલ અને પાન ત્રણેય છે.આ ત્રણેયને આપણે ગુલાબ જ જાણીએ છીએ કારણ કે ત્રણેય ગુલાબનાં જ અંગ છે એટલે ત્રણેયમાં આપણે ગુલાબને જોઈને સમદર્શન કરીએ છીએ પરંતુ વર્તનના સમયે આપણે ફુલને ફુલદાનીમાં સજાવીએ છીએ, પાનને કચરાપેટીમાં તથા કાંટાઓને ક્યાંક દૂર ફેકી દઇએ છીએ કે જેથી આવતા જતા કોઇ પથિકને વાગી ન જાય.આ છે યથા યોગ્ય વર્તન.× ભક્ત પણ આમ જ કરે છે અને હનુમાનજીએ પણ આમ જ કર્યું હતું.તેમના માટે પ્રભુની આજ્ઞા જ સર્વોપરી હતી અને આવા ભક્તો જ રામના દ્વારના રખેવાળ હોય છે અને તેઓ જેની પર કૃપા કરે છે તેને રામની સાથે મિલાવી દે છે. સાકાર રામે પણ પોતાના પતિના મૃત્યુંના સમયે વિલાપ કરતી વાલી પત્ની તારાને અવિનાશી રામની સાથે મિલાવીને કહ્યું કે ×ક્ષિતિ જલ પાવક ગગન સમીરા પંચ રચિત અતિ અધમ શરીરા.× એટલે કે હે તારા ! પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશ-આ પાંચ તત્વોથી બનેલું આ શરીર અત્યંત અધમ એટલે કે અપવિત્ર છે.આ શરીર ક્યાંય ગયું નથી તારી સામે જ પ્રત્યક્ષ પડેલું છે. છઠ્ઠું આત્મ તત્વ (નિરાકાર બ્રહ્મ) અજર અમર અને અવિનાશી છે અને સર્વત્ર વિરાજમાન છે તો પછી તૂં કોના માટે શોક કરી રહી છે..? ×ઉપજા જ્ઞાન ચરણ તબ લાગી, લિન્હેસિ પરમ ભગતિ બર માંગી× તારાને જ્યારે આત્મજ્ઞાન થઇ ગયું ત્યારે રડવાનું બંધ થઇ ગયું અને ભગવાનના ચરણનો સ્પર્શ કર્યો.જ્ઞાન થઇ જાય તો ચરણસ્પર્શ કરવામાં સંકોચ થતો નથી.તારાએ પણ અનન્ય ભક્તિનું વરદાન માંગ્યું તો ભગવાને તેને અવિરલ ભક્તિનું દાન આપ્યું. ભક્ત એ જ ભગવાનના દ્વારપાળ છે અને તેઓ જ સુપાત્ર જિજ્ઞાસુઓને પ્રભુ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દે છે એટલે જ તો હનુમાનજીના માટે કહેવામાં આવ્યું છે કે ×રામ દુઆરે તુમ રખવારે,હોત ન આજ્ઞા બિનું પૈસારે..×

ઘણીવાર કેટલાક લોકો પ્રશ્ન પુછે છે કે ×અવિનાશી નિરાકાર બ્રહ્મને તો તેમની કૃપાથી જ જાણી શકાય છે સાકાર તો માયા છે એટલે સાકાર માયાથી નિરાકાર બ્રહ્મને કેવી રીતે જાણી શકાય..? તેનો જવાબ એ છે કે જેવી રીતે ધરતી ઉપર પડેલા વ્યક્તિનો સહારો લીધા વિના ઉઠાવી શકાતો નથી, તેવી જ રીતે માયામાં પડેલા જીવને પણ માયાનો સહારો લઇને જ બ્રહ્મ સુધી પહોંચાડી શકાય છે એટલે સાકાર સદગુરૂના માધ્યમથી જ નિરાકાર બ્રહ્મની ભક્તિ અને જ્ઞાન ઉપલબ્ધ થાય છે.તમામ સંતો અને ગ્રંથોનો એ જ મત છે. જેમ નિરાકાર વિધુત(વિજળી)ની હાજરી (જ્ઞાન) સાકાર ટેસ્ટરથી જ જોઇ શકાય છે.સાકાર શરીરમાં રહેલો નિરાકાર તાવ સાકાર થર્મોમીટરથી જ જોઇ શકાય છે, તેવી જ રીતે સાકાર સંસારમાં સર્વત્ર રહેલા નિરાકાર પ્રભુ પરમાત્માને પણ સદગુરૂ પ્રદત્ત જ્ઞાનદ્રષ્ટિથી જોઇ શકાય છે.આવી જ રીતે હનુમાનજી અંગદજી વગેરે એ સાકાર સદગુરૂ રૂપ રામજીના દ્વારા જ બ્રહ્મદર્શન કરીને અવિરલ ભક્તિ પ્રાપ્ત કરી હતી અને સમર્પિત થઇને ભગવાન રામને કહ્યું કે ×તુમ મોરે પ્રિય ગુરૂ પિતુ માતા,જાઉં કહાં તજિ પદ જલદાતા. એટલે કે હે રામ ! આપ જ અમારા પ્રિય ગુરૂ,માતા અને પિતા છો.હું આપના ચરણકમલોને છોડીને ક્યાં જાઉં..?

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કે ×કાયરતારૂપી દોષોના લીધે તિરસ્કારને પાત્ર સ્વભાવવાળો તથા ધર્મની બાબતમાં મોહિત ચિત્ત થયેલો હું આપને પુછું છું કે જે નિશ્ચિતરૂપથી કલ્યાણકારી વાત હોય તે વાત મારા માટે કહો કેમકે હું આપનો શિષ્ય છું.આપને શરણે આવેલા મને ઉપદેશ આપો.(૨/૭) એટલે હનુમાનજી જેવી અવિરલ ભક્તિ પ્રાપ્ત કરવા માટે સમકાલિન સદગુરૂ(અવતારી પુરૂષ)ની શરણાગતિ લેવી પડે છે, તેના વિના કોઇ અન્ય ઉપાય નથી કારણ કે આત્મદર્શી સંત જ રામ દ્વારના દ્વારપાળ હોય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# આહવા ખાતે સી-ટાઈપ સરકારી આવાસ તથા માર્ગ સુધારણાના કામોનુ લોકાર્પણ કરતા માર્ગ મકાન મંત્રીશ્રી

## ડેમ અને વિસ્થાપિત જેવા મુદ્દે પ્રજાજનોને ગેરમાર્ગે નહીં દોરાવાની અપીલ

આહવાઃ તાઃ ૨૬ઃ

રાજ્યના પ્રજાજનોના માર્ગ સુધારણાના નાના મા નાના પ્રશ્નો, રજુઆતોનુ વોટ્સએપ/સોશિયલ મીડિયાના માધ્યમથી ત્વરીત નિવારણ કરીને સુશાસનનો પરિચય આપ્યા બાદ, ચોમાસામા વરસાદી પાણીને કારણે વિખુટા પડી જતા ગામો બાબતે વિશેષ લક્ષ કેન્દ્રિત કરીને રૂ.૪૬૧ કરોડના ખર્ચે ૨૯૫ જેટલા કોઝવે-કમ-વિયરનો પ્રોજેકટ હાથ ધર્યો છે, તેમ માર્ગ મકાન મંત્રી શ્રી પુર્ણેશભાઈ મોદીએ જણાવ્યુ હતુ.

આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન વિકાસના નવા આયામો સર કરવાની નેમ સાથે પ્રાથમિક સુવિધાઓ ક્ષેત્રે રાજ્ય અને કેન્દ્ર સરકાર હરણફાળ ભરી રહી છે તેમ જણાવતા મંત્રી શ્રી મોદીએ, દેશના ગામેગામ વીજળી, પાણી, માર્ગો, આવાસ, ગેસ જેવી પાયાકિય જરૂરિયાતોની પૂર્તિ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે તેમ જણાવ્યુ હતુ.

આઝાદીના લડવૈયાઓને યાદ કરીને મંત્રી શ્રી પુર્ણેશભાઈ મોદીએ, ભારતના ગૌરવવંતા ઈતિહાસને ઉજાગર કરવાના ભાગરૂપે હાથ ધરાયેલા શ્રેણીબદ્ધ પ્રોજેકટનો ખ્યાલ આપતા, પ્રજાજનોની પ્રાથમિક જરૂરિયાતના તમામ કાર્યોની આપૂર્તિ માટે આ ઉજવણી સિમાચિન્હો રૂપી સાબિત થશે તેમ જણાવ્યુ હતુ.

ભારતને વિશ્વગુરુ બનાવવાના રોડમેપ ઉપર કાર્યરત રાજ્ય અને કેન્દ્ર સરકારના અભિગમનો ખ્યાલ આપતા મંત્રી શ્રી પુર્ણેશભાઈ મોદીએ, સરકાર સામે ચાલીને વિકાસ કાર્યો હાથ ધરી રહી છે તેમ જણાવ્યુ હતું. ગ્રામોત્થાનના ઉદ્દેશ સાથે કાર્ય કરતી સરકારે રાજ્યના સર્વાંગિણ વિકાસની સાથોસાથ અંબાજી થી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારોમા અનેકવિધ કાર્યો હાથ ધરીને રાજ્ય સરકારે માનવતા અને સંવેદના સાથે કાર્યો હાથ ધર્યા છે તેમ ઉમેર્યું હતુ.

અંતરિયાળ વિસ્તારોના માર્ગોની સુધારણા સાથે અનેકવિધ વિકાસ કાર્યોને આગળ ધપાવી રહેલી રાજ્ય અને કેન્દ્ર સરકારના ઉદ્દેશનો ખ્યાલ આપીને ફક્ત ચૂંટણી ટાણે જ ડેમ, અને વિસ્થાપિત જેવા મુદ્દે રાજકીય રોટલો શેકીને પ્રજાજનોને ગુમરાહ કરતા કહેવાતા નેતાઓ, કાશ્મિરના વિસ્થાપિતો અંગે એક પણ શબ્દ બોલી નથી શકતા તેમ જણાવ્યુ હતુ.

અમાનુષિ અત્યાચારની પરાકાસ્ઠા આચારનારાઓ સામે શંકાસ્પદ ચુપકીદી સેવનારાઓને, ડેમ જેવા મુદ્દે વિસ્થાપિતો બાબતે બોલવાનો કોઈ અધિકાર નથી તેમ પણ મંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ. રાજ્ય સરકાર વતી જવાબદાર મંત્રીશ્રીઓ જ્યારે ડેમ અને વિસ્થાપિત જેવા મુદ્દે સ્પષ્ટતા કરી ચૂક્યા છે ત્યારે, યેનકેન પ્રકારે પ્રજાજનોને ભરમાવવાની નાપાક કોશિશ કરનારાઓને ચેતવતા મંત્રી શ્રી મોદીએ ભારતીય જનતા પાર્ટીની સરકાર, અને સંગઠનના સ્વયંસેવકોએ દેશના સાર્વભૌમત્વ માટે કરેલા કાર્યોની ગાથા રજૂ કરી, શ્રીનગરના લાલચોકમા તિરંગો લહેરાવવાનુ સ્વપ્ન દેશહિતને વરેલા દેશભક્તોએ પૂર્ણ કર્યું છે, તેમ તેમના વક્તવ્યમા જણાવ્યુ હતુ.

ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઇ પટેલે તેમના પ્રાસંગિક ઉદબોધનમા, અન્ન-આવરણ-અને આવાસની પૂરતી થયા બાદ, વ્યક્તિ રચનાત્મક માર્ગે આગળ વધી શકે છે તેમ જણાવ્યુ હતુ.

ડાંગના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ/કોચિંગની સુવિધા સાથે આદિવાસી ભવન, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, બ્લડ બેંક જેવી નવતર સુવિધાઓ આગામી દિવસોમા ડાંગને મળી રહેશે તેમ જણાવતા પ્રભારી મંત્રીશ્રીએ અધિકારી, પદાધિકારીઓના પરસ્પર સંકલન સાથે વિકાસના શ્રેણીબદ્ધ કાર્યો હાથ ધરાઇ રહ્યા છે તેમ જણાવ્યુ હતુ.

મંત્રીશ્રીએ પાર-તાપી લીંક પ્રોજેકટ યોજના સંદર્ભે પ્રજાજનોને ગેરમાર્ગે દોરનારા લોકોની વાતોમા પ્રજાજનોને નહી ભરમાવાની પણ હિમાયત કરી હતી.

પાર-તાન-અંબિકા જેવી નદીઓ ઉપર મધ્યમ કદના ચેકડેમો બનાવીને, પાણીની સમસ્યાઓના નિવારણની દિશામા રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે, જયારે પશુપાલન, ખેતીવાડી, જેવા વ્યવસાય માટે જળસંચય માટેના કૂવા, બોર, ચેકડેમ, જેવા કાર્યોને પ્રાધાન્ય આપવામા આવી રહ્યું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતુ.

આદિવાસી પ્રજાજનોનુ અહિત થાય તેવુ એક પણ કાર્ય, પ્રોજેક્ટ શરૂ નહીં થાય તેવુ સ્પષ્ટપણે જણાવતા રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઇ પટેલે, પ્રજાજનોને ગેરમાર્ગે દોરીને પોતાનો રાજકીય રોટલો શેકતા તત્વોને ઓળખી લેવાની પણ હાંકલ કરી હતી.

આદિવાસી પ્રજાજનો ઉપર વિશેષ લાગણી સાથે બીલીમોરા-વઘઇ ટ્રેનને નાશિક-મનમાડ સુધી લંબાવીને, પ્રજાજનોને વિકાસની મુખ્ય ધારામા જોડવાનો રાજ્ય અને કેન્દ્ર સરકાર પ્રયાસ કરી રહી છે, ત્યારે ડાંગના ભલાભોળા પ્રજાજનોને ગેરમાર્ગે દોરાયા વિના, ગુમરાહ નહી થવાની પણ હાંકલ કરી હતી.

જળ સંચયના કાર્યોની ફળશ્રુતિ રૂપે સ્થાનિક આદિવાસી ખેડૂતો ઘર આંગણે જ શાકભાજી સહિતના પાકો લેતા થયા છે તેમ પણ મંત્રીશ્રીએ આ વેળા જણાવ્યુ હતુ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે સને ૨૦૧૪ પછી વિશેષ કરીને અંતરિયાળ વિસ્તારોમા પણ સંદેશા વ્યવહારની ઉત્કૃષ્ટ સુવિધા ઉપલબ્ધ કરાવવાનું ભગિરથ કાર્ય કર્યું છે, તેમ જણાવતા વલસાડ-ડાંગના સાંસદશ્રી ડૉ.કે.સી.પટેલે વઘઇ-બિલીમોરા નેરોગેજ ટ્રેનને નાશિક-મનમાડ સુધી લંબાવવાની પ્રક્રિયા હાથ ધરવામા આવી છે. તેમ તેમના પ્રાસંગિક વક્તવ્યમા જણાવ્યુ હતુ.

વિકાસને વરેલી રાજ્ય અને કેન્દ્ર સરકારના અભિગમનો ખ્યાલ આપતા ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે, રાજ્ય સમસ્તની જેમ ડાંગનો પણ સાર્વત્રિક વિકાસ થઈ રહ્યો છે, ત્યારે ડાંગ ઉપર હંમેશા હેત વરસાવતા મંત્રીશ્રીઓ, રાજ્ય સરકાર, અને કેન્દ્ર સરકારનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

ડાંગનો વિકાસ આગામી દિવસોમા નવા સિમાચિન્હો સ્થાપિત કરશે, તેમ પણ પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે તેમના પ્રાસંગિક ઉદબોધનમા જણાવ્યુ હતુ. અંતરિયાળ વિસ્તારના પંપા સરોવર, શબરીધામ, કનસરીયા ગઢ જેવા ધાર્મિક વિસ્તારોને જોડતા માર્ગોની સુધારણાના કાર્યો, પ્રજાજનોના આશીર્વાદ અપાવશે તેમ જણાવતા શ્રી મંગળભાઈ ગાવિતે, વિકાસના કામોમા જોડાઈને પ્રજાજનોના સ્વપ્નો પૂરા કરવાની તક સાંપડી રહી છે તેમ જણાવ્યુ હતુ.



આહવાની જવાહર કોલોની ખાતે યોજાયેલા આવાસ અને માર્ગ સુધારણાના કામોના લોકાર્પણ પ્રસંગે માર્ગ મકાન મંત્રી શ્રી પુર્ણેશભાઈ મોદી સહિત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી-વ-પ્રભારી મંત્રીશ્રી નરેશભાઇ પટેલ, સાંસદશ્રી ડૉ.કે.સી.પટેલ, ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મંગળભાઈ ગાવિત, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, ભાજપા અધ્યક્ષ શ્રી દશરથભાઈ પવાર, આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કમળાબેન રાઉત, આહવાના સરપંચ શ્રી હરિચંદ ભોયે, પદાધિકારીઓ, હોદ્દેદારો, કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા, માર્ગ અને મકાન વિભાગના અધિકારી/કર્મચારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે કાર્યપાલક ઈજનેર શ્રી એસ.આર.પટેલે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. ઉદઘોષક તરીકે શિક્ષિકા શ્રીમતી બીજુબાલા પટેલે સેવા આપી હતી.

આહવા ખાતે યોજાયેલા માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીના કાર્યક્રમ દરમિયાન જે કામોનુ લોકાર્પણ કરાયુ તેની વિગતો જોઈએ તો,

'સી' ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ-આહવા :

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ફરજ બજાવતા જુદી-જુદી સરકારી કચેરીઓના ગેઝેટેડ ઓફિસરોની નિવાસ સુવિધા માટે, રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજિત રૂ.૮૬૭.૯૦ લાખના ખર્ચે, ૩૬ જેટલા સ્ટાફ ક્વાર્ટર્સ તૈયાર કરાયા છે.

જવાહર કોલોની સ્થિત આ સી-ટાઈપ ૩૬ યુનિટ સ્ટાફ ક્વાર્ટર્સમા (૩ બિલ્ડીંગોમા ૩૬ આવાસ) ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પાર્કિંગ સુવિધા સાથે, દરેક આવાસમા એક બેડરૂમ અને એક માસ્ટર બેડરૂમ, એક લિવિંગ રૂમ, કિચન, કોમન ટોઈલેટ, તથા વોશ એરિયા, અને બાલ્કનીનો સમાવેશ કરાયો છે.

માર્ગ સુધારણા કામો :

ડાંગ જિલ્લા પંચાયત હસ્તકના બાંધકામ વિભાગ દ્વારા, અંદાજીત રૂ.૨૩૬.૨૧ લાખના ખર્ચે મંજુર થયેલા પાંચ રસ્તાના પેકેજ હેઠળ તૈયાર કરાયેલા સુબિર તાલુકાના કાંગર્યામાળ-જારસોળ રોડના નવિનિકરણના કામનુ પણ ઈ-લોકાર્પણ કરાયુ હતુ.

તો સુબિર તાલુકાના શેપુઆંબા થી સાવરખલ માર્ગ સુધારણાના કામનુ પણ, માર્ગ મકાન મંત્રી શ્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામા આવ્યુ હતુ.

નરેન્દ્ર પવાર,ડાંગ

## દાંતીવાડાના યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

દાંતીવાડા તાલુકાના હરિયાવાડાના એક યુવાનને બાઈક ચલાવવા જેવી સામાન્ય બાબતને લઈ ઠપકો આપી જાતી અપમાનિત શબ્દો બોલતા યુવકે જંગલમાં જઈ ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર મચી છે. હરિયાવાડાના વિષ્ણુ કાંતિભાઈ માજીરાણાને મોટરસાયકલ ચલાવવા બાબતે ચાર શખ્સોએ અપશબ્દો બોલી જાહેરમાં અપમાનિત કર્યો હતો,જેનું મન દુઃખ રાખી યુવકે ઘર નજીકના જંગલ વિસ્તારમાં બાવળના ઝાડ ઉપર ગળે ફાંસો લગાવી જીવન ટૂંકાવી દીધું હતું.

જે વાતની જાણ દાંતીવાડા પોલીસને થતા મૃતક વિષ્ણુના મૃતદેહને પાંથાવાડા સામુહિક આરોગ્યકેન્દ્રમાં પેનલ ડૉક્ટરથી પી.એમ અર્થે ખસેડાયો હતો,જે બાદ મૃતક યુવકના પિતાએ ચાર શખ્સો વિરુદ્ધ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓને ઝડપી પડવાના ચક્રોગતિમાન કર્યા છે.

## ભાજપના બાહુબલી મધુ શ્રીવાસ્તવના દીકરાને ભેજાબાજ દંપત્તિએ ૨૦ લાખનો ચૂનો લગાવ્યો

વડોદરા,તા.૨૭

ભાજપના બાહુબલી ગણાતા વાઘોડીયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવના દીકરા સાથે એક ભેજાબાજ દંપતીએ છેતરપીંડી કરી ૨૦ લાખના ખાડામાં ઉતારી દીધો છે. સસ્તામાં કાર આપવાની લાલચ આપી આ દંપત્તિએ ધારાસભ્યના દીકરા પદેથી ૨૦ લાખ રૂપિયા પડાવી લીધા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટીસ કરતા અમદાવાદના વકીલના પુત્ર અને



તેની પત્નીએ ધારાસભ્યના દીકરા સાથે એમ.જી.કંપનીમાંથી ડિસ્કાઉન્ટમાં કાર અપાવવાની લાલચ આપી હતી. અને રૂપિયા ૨૦ લાખ ખંખેરી લીધા છે. ધારાસભ્યના પુત્રએ ઠગ દંપતિ સામે પાણીગેટ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

મધુ શ્રીવાસ્તવના પુત્ર અને માજી કોર્પોરેટર દિપક શ્રીવાસ્તવ હાલ એમ.જી કંપનીની કાર વેચાણથી ખરીદવા માંગતા હતા. ત્યારે તેમના મિત્ર કીર્તને જણાવ્યું હતું કે, મોરિસ ગેરેજ કંપનીમાં મારી મોટી ઓળખાણ છે. ઉદયપુર રાજસ્થાન ખાતે આવેલા એમ.જી કંપનીના ગોડાઉનમાંથી સીધી કાર અપાવીશ. કિર્તને વધુમાં જણાવતા કહ્યું હતું કે, મારી પત્ની બીજલ બારોટ માઈક્રોસ્કોસ્મ એલએલપી લિમિટેડ નામે ભાગીદારી પેઢી ધરાવે છે. તે પેઢી થકી કારનું બુકિંગ કરાવવાથી કંપની તરફથી સારું ડિસ્કાઉન્ટ આપે છે.

કંપની અમને કાર આપે તે બાદ તમારા નામે ટ્રાન્સફર કરી કાર તમારા ઘરે પહોંચાડી દઈશું. આ દરમિયાન દીપકભાઈએ આ પેઢીમાં બે તબક્કે રૂપિયા ૨૦ લાખની રકમ જમા કરાવ્યા હતા. જે અંગેની રશીદ માંગતા ઉદયપુર ખાતે એમ.જી કંપની ગ્લોસ્ટર કાર બુકિંગ માટે માત્ર રૂપિયા ૫૦ હજારની રશીદ મોકલી હતી. અને ત્રણ દિવસમાં કાર મળી જશે તેવી ખાતરી આપી હતી.

## " સાહિત્ય "


**રંગમંચ**

**કિરદાર કંઇ કેટલાય ભજવ્યા રંગમંચમાં ;**
**પાત્ર મારુ આવ્યુ ને ખોવાયા જીવનમાં .**
**અદાકારો કેટલાય આવી ને ગયા રંગમંચમાં ;**
**મારા જેવો અસલ મળ્યો નથી જીવનમાં .**
**પતંગિયા નું પાત્ર ભજવવા ગયા રંગમંચમાં ;**
**સુગંધી કોઇ બુકે માં થી આવી નથી જીવનમાં .**
**મેહુલ ત્રિવેદી - પ્રેમનો માણસ,**
**ગાંધીનગર**

---

**ઉનાળો**

**મોગરો,ખાખરો, ગુલમહોર ને ગરમાળો,**
**ચ્યારનો કુલ સરવાળો એટલે ઊનાળો.**
**પીળા લાલ કેસરીની કેવી રંગીન છટા,**
**તો પણ રંગવૈભવનો મળે પૂરો સરવાળો ?**
**કોઈ જુએ નહી ને કોઈ પસંદ કરે નહીં પછી,**
**ઈર્ષાથી બળીને આંકડો ને બાવળ થાય કાળો.**
**ઓતરાદા વાયરા પાગલ થઈ તોફાન તાંડવ કરે,**
**તડકાના તેલમાં પેલાં મૃગજળને તળો-સાંતળો**
**આમ્રકુંજમાં લપાઈને કોયલ સારેગમપધનીસા છેડે,**
**સંગીતનો સૂરીલો સૂર ભલે ને વર્ણ હોય કાળો.**
**ભરત વૈષ્ણવ**




## રાજ્યમાં કાળઝાળ ગરમીનું પ્રમાણ વધશે

,અમદાવાદ,તા.૨૭

રાજ્યમાં ગરમીનો પારો દિન-પ્રતિદિન વધી રહ્યો છે, હવે પારો ઉંચો જતા ગરમીનું પ્રમાણ પણ ખુબ વધશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે, ગુજરાતમાં કાળઝાળ ગરમી કાળો કહેર વર્તાવી રહી છે. હીટવેવની સાથે હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ પણ જાહેર કર્યું છે. જેથી આગામી ૨થી ૩ દિવસમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે. ૨૮ માર્ચે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. ગરમ અને સૂકા પવનો ફૂંકાતા તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી વધી શકે છે.૪૧.૭ ડિગ્રી તાપમાન સાથે ભૂજ અને સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યા હતા. તો અમદાવાદમાં પણ ૪૧.૨ ડિગ્રી સાથે અગવર્ષા જોવા મળી હતી. દિવસ દરમિયાન તાપમાન સામાન્ય કરતાં ૫ ડિગ્રી વધીને ૪૧.૨ ડિગ્રી થઇ ગયું હતું.

કાળઝાળ ગરમીના લીધે બપોરના સમયે લોકોને કામ વગર બહાર ના નીકળવા સૂચના આપવામાં આવી છે. તો લોકો પણ ગરમીથી બચવા બપોરના સમયે ઘરમાં જ પૂરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે. ત્યારે હીટવેવથી બચવા માટે વધુ પ્રમાણમાં પ્રવાહી લેવાનું આગ્રહ રાખવા તબીબો સલાહ આપી રહ્યા છે.

રાજ્યના કેટલાક વિસ્તાર માટે હિટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આગામી ૪૮ કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના વિસ્તારમાં ગરમી નું પ્રમાણ વધવાની હવામાન વિભાગે આગાહી કરી છે. સાથે જ અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને કચ્છમાં પણ ગરમી વધશે.

## ગઝલ :- અહેસાસ...

અહેસાસ,આભાસની પાર સીમા કરીએ,
મટી મૃગજળ,શુદ્ધ જળ બસ નદીનું બનીએ.
વખત આવતાં આમ વર્તન બદલવું ઉચિત છે?
બીજાથી નહીં પણ પરમતત્વથી તો ડરીએ!
મદદ વિશ્વની ચેતના પણ કરે કાર્યમાં હો,
ખરાં માર્ગમાં આપણે એક ડગલું ભરીએ.
દયાનંદ સ્વામી દઈને ગયાં શીખ જગને,
કે એ માનવીઓ જરાં વેદ પક્ષે વળીએ.
શબદનો ટપાલી પહોચ્યો સનમના ઘરે ને,
કહ્યું 'સૂર'નો પત્ર છે આખરી ક્ષણ મળીએ.




**જયદીપ મહેતા 'સૂર' 'આરદીપ'**

ખિલેલ પુષ્પનો રંગ થઇ જશું.
થોડાંક એ ક્ષણે તંગ થઇ જશું.
ફાનસ ઠરી જશે રોજ આપણું,
ને રોજ આપણે દંગ થઇ જશું.
મેળો ભરાય ત્યાં આવશે જ તું,
બસ ત્યાંજ આપણે સંગ થઇ જશું.
સાચી જ હોય જો પ્યાસ આપણી,
પળમાં જ આપણે ગંગ થઇ જશું.
આખુંય વિશ્વ છે આપણી ત્વચા,
આખાય વિશ્વનું અંગ થઇ જશું.



**વારિજ લુહાર**

મારે ક્યાં તમારી સ્થિતિનો અહેવાલ જોઈએ!
છું હું ઠીક કહે બસ, આટલું જ વ્હાલ જોઈએ.
ખાઈ પીઠ પર છૂરી અને હૈયે કલમ ધરવાં,
રિબાતા રજળતા કોઇ કવિની ખાલ જોઈએ
વાતો તો થયેલી હોઠથી તે હોઠની, સમજ્યા!
તો તારે હવે કૈ ગણતરીએ ગાલ જોઈએ?
રોળાયા ગુલાલે આપણે તો! શું બને સગપણ?
જનતાને અહીંયા માંગમાં કુંકુમ લાલ જોઈએ
છે શોખીન તારું કોણ? શું ઑકાત છે તારી?
ચડવા મંચ માથે ગજવુ માલામાલ જોઈએ!



**વરૂણ આહીર (શોખીન)**

મતલબથી જે મળવા આવે,
મળવાનો મતલબ ના જાણે.
પડછાયો તો ખુદનો છે ને!
હુકમ છો સૂરજનો ચાલે.
ઘરથી ઓફિસ દૂર હતી તો,
રહેવા મળતું'તું ખુદ સાથે.
જેને ગઝલો સાંભળવી છે,
દિલને પહેલા કાન બનાવે.
વાર્તા કહેતા સુવડાવે છે,
પુસ્તક 'માનો' ખોળો લાગે.



**રક્ષા (મુંબઈ ).**

લખી બેઠા અમે ઈશ્વર તમારી મ્હેરબાની પર,
પછી સમજ્યા કે લખવું શક્ય ક્યાં છે પૂર્ણ જ્ઞાની પર!
દુઃખી જોતા જ કોઈને હું પૂજા છોડી દોડું ઝટ,
રડેલાને હસાવું ત્યાં કૃપા વરસે દિવાની પર.
નથી ફરિયાદ કરતાં જે મળેલા ઘાવની ક્યાંયે,
ઘણા અકળાય છે નાહક થયેલી માનહાની પર.
નથી તકદીરમાં ભોજન, ભજનને ભાવથી ગાતા,
કહે, શું રોદણાં રોવા કસોટી એક નાની પર!
ઉલા મિસરો લખાવ્યો હાથ ઝાલેલો નહીં છોડે,
પહોંચાડી જ દેશે આખરે એ છેક સાની પર!



**પાયલ ઉનડકટ (મુંબઈ )**

શબ્દોને શબ્દોથી વાંકું પડે તો શું?
તારે ને મારે અવળું પડે તો શું?
થઈ જાય સુલેહ છો ને ઘડીમાં
મનથી મનનું અંતર ન ઘટે તો શું?
લહેરોને સ્પર્શીને અનુભવાય શીતળતા
પણ સમુદ્રે પચાવી એ ઉષ્માનું શું?
સ્વનું સમર્પણ કર્યું શ્યામ તને
હવે સમર્પણ ના સ્વીકારાય તો શું?
અધરોના સ્મિતથી મોહક થાય લોકો,
પણ મૌનમાં ધબકતા આક્રંદનું શું?
શબ્દોને શબ્દોથી વાંકું પડે તો શું?
તારે ને મારે અવળું પડે તો શું?



**દ્રષ્ટિ શાહ (અમદાવાદ )**

## ખેલમહાકુંભમાં સિધ્ધપુર બ્રહ્મ સમાજનો દબદબો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

તાજેતરમાં યોજાયેલ સરકાર દ્વારા આયોજીત ખેલમહાકુંભમાં કરાટે વિભાગમાં ૭૮ થી ૮૨ ાક્ષ ઓપન એજમાં ઓમ હિતેન્દ્રભાઈ શુક્લા, અંડર ૧૪ - ૨૫ ાક્ષમાં અથર્વ હેમેશકુમાર ઠાકર (આગાખાન સ્કુલ) અને અંડર ૧૧- ૩૫.૫૦ ાક્ષમાં સ્વયં શુકલા (જ્ઞાનદીપ શાળા)માં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. પરમ ગૌરવભાઈ પંડ્યા (શ્રી સરસ્વતી શિશુમંદિર, સિધ્ધપુર) અંડર ૧૪ માં વોલીબોલ ટીમમાં તાલુકામાં પ્રથમ અને ટેબલ ટેનિસ (વ્યક્તિગત)માં જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. હર્ષ વિપુલભાઈ ઠાકર (એલ. એસ. હાઈસ્કુલ, સિધ્ધપુર) અંડર ૧૪ ચેસ સ્પર્ધામાં તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

પાંચેય મિત્રો હજી આગળના સોપાનો સફળતા પૂર્વક સર કરીને સમાજને ગૌરવ પ્રદાન કરે તે માટે બ્રહ્મ સમાજ, સિધ્ધપુર અને શ્રીસ્થળ ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સેવા સંગઠન,સિધ્ધપુર ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

# અમદાવાદ છારોડી સ્થિત ગુરુકુળ ખાતે 'શ્રી ધર્મજીવન ગાથા' ગ્રંથ સમર્પણ કાર્યક્રમ યોજાયો

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું છે કેપ્રાચીનકાળમાં ગુરુકુળમાં વિદ્યાર્થીઓને સંસ્કાર સિંચન અને વિદ્યા ઉન્નતિ સાથે રાષ્ટ્રભક્તિનાપાઠ ભણાવાતા હતા ત્યારે આપણી આ પરંપરાને પુનઃસ્થાપિત કરવા ગુરુકુળ શિક્ષા પદ્ધતિ અનિવાર્ય છે.સંસ્કારવાન લોકો જ રાષ્ટ્રની ધરોહર છે ત્યારે દરેક તાલુકા કક્ષાએ ગુરુકુળ બને તે સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું.અમદાવાદના છારોડી સ્થિત ગુરુકુળ ખાતે ' શ્રી ધર્મજીવન ગાથા' ગ્રંથ સમર્પણ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા ધર્મજીવન સત્ર પ્રસંગે સંબોધતા રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતની લુપ્ત થતી ગુરુકુળ પરંપરાને પ્રસ્થાપિત કરવામાં સ્વામી દયાનંદ સરસ્વતીનો સિંહ ફાળો છે ગુરુકુળ પરંપરાને વ્યાપક બનાવવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. સ્વામી માધવપ્રિયદાસજી લિખિત શાસ્ત્રી શ્રી ધર્મજીવન દાસજીના જીવન ચરિત્ર ×શ્રી ધર્મજીવન ગાથા× ગ્રંથનો ઉલ્લેખ કરીએ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આ ધર્મ જીવન ગ્રંથ એ જ સાચું જીવન દર્શન છે. સ્વામી ધર્મજીવનદાસજીએ જે મિશન લઈને પ્રકૃતિની ગોદમાં વિહાર કર્યો અને તેમણે સદવિદ્યાના પ્રવર્તન માટે માત્ર એક રૂપિયાના દરે વિદ્યાદાન આપવાનું અભિયાન ચલાવ્યું એ પરંપરાને સ્વામિનારાયણ સંપ્રદાયે આગળ વધારી છે.

ધરતી પર સંતોનો જન્મ પરોપકાર માટે જ થાય છે, સ્વામી ધર્મજીવનદાસજી પણ એવા જ સંત હતા એમ તેમણે ઉમેર્યું હતું,રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આપણે આપણી સંસ્કૃતિ ભૂલ્યા છીએ. લાખો વર્ષ પુરાણો ઈતિહાસ જીવનના પથદર્શન માટે સામર્થ્ય ધરાવે છે. વેદોમાં જેને અવિદ્યા કહી છે તેવા સાયન્સ એન્ડ ટેકનોલોજીનો પ્રભાવ વધ્યો છે. આ અવિદ્યાથી મૃત્યુને પાર કરી મનુષ્ય અધ્યાત્મ જ્ઞાન અર્થાત્ વિદ્યાની મદદથી આ ભવસાગરમાંથી મુક્તિ મેળવી શકે છે.વૈદિક પરંપરાના ભારતીય જીવન દર્શન અને સંસ્કારનાં વારસાને અપનાવવા પણ તેમણે હાકલ કરી હતી. પ્રસિદ્ધ લેખક શ્રી જય વસાવડાએ જણાવ્યું હતું કે શબ્દોથી કંડારાયેલું આ શબ્દ શિલ્પ એ સ્વામી માધવ પ્રિયદાસજીના યુવા કાળના મહત્તમ સમયનો ભોગ આપીને રચાયું છે. આ ગ્રંથ પાછળ સંકલ્પ, સંનિષ્ઠા અને સંનિધિનું બળ છે. શાસ્ત્રીજી મહારાજના સંસ્કાર ચિત્ર જ ગુરુકુળની પરંપરા છે. આ ગુરુકુળની પરંપરામાં ગુરુ જ નિરીક્ષક, ઉદ્દીપક અને સંપાદક છે તેવો ભાવ તાદ્રશ્ય થાય છે એમ તેમણે ઉમેર્યું હતું

Virtually ઉપસ્થિત રહેલા પૂજ્ય ભાઈશ્રી રમેશ ઓઝા એ જણાવ્યું હતું કે શાસ્ત્રીજી મહારાજના જીવનને અક્ષરદેહ આપી માધવપ્રિયદાસજી એ પુસ્તક રચ્યું છે તે ખૂબ અનુકરણીય તો છે જ પરંતુ માધવપ્રિયદાસજીની ગુરુભક્તિની પરાકાષ્ઠા છે. સાહિત્યકાર અને લેખક શ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે આ ગ્રંથ એ માત્ર કોઈ વ્યક્તિનું જીવન ચરિત્ર નથી પરંતુ ભારતીય સંસ્કૃતિનું માનસચિત્ર છે. પુસ્તકમાં 'અરજણ થી અર્જુન' બનવા સુધીની યાત્રાનું નિરૂપણ સરળ છતાં ઊંડાણપૂર્વક કરાયેલું છે. આ પુસ્તક એ આપણને મળેલું જીવન ભાથુ છે એમ તેમણે ઉમેર્યું હતું. સ્વામી સચ્ચિદાનંદજી એ ગુરુકુળ પરંપરાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે જે પ્રશ્નો ઉકેલે તે જ ધર્મ અને તે જ સાધના છે ત્યારે ગુરુકુળ પરંપરાએ સમાજમાં પ્રવર્તતા અનેક પ્રશ્નો ઉકેલવામાં સરાહનીય ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે સાહિત્યકારો લેખકોનું સન્માન કરાયું હતું તેમાં પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ, શ્રી રજનીકુમાર પંડ્યા,શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી માધવ રામાનુજ, ડોક્ટર પંકજ જોષી, શ્રી રમણીક જાપડીયા ઉપરાંત ગુરુકુળની વર્ષો વર્ષની પરંપરાને અનુરૂપ શહીદ પરિવારોના સ્વજનો પૈકી પ્રતીકરૂપે શ્રી સ્વપ્નિલ પ્રજાપતિનું પણ સન્માન કરાયું હતું.આ પ્રસંગે સ્વામી બાલ કૃષ્ણ મહારાજ, તંત્રીશ્રી કુન્દન વ્યાસ અન્ય સંતો મહંતો, ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતા

## હવે મુંબઇની હોસ્પિટલ કરતા ગુજરાતની હોસ્પિટલમાં આધુનિક સાધનો છે. – શ્રી આનંદીબેન પટેલ

# સુરત ખાતે સમસ્ત પાટીદાર આરોગ્ય ટ્રસ્ટ સંચાલીત આધુનિક કિરણ મેડિકલ કોલેજનું ભૂમિપુજન ઉત્તરપ્રદેશ રાજયના મહામહિમ રાજયપાલશ્રી આંનદીબેન પટેલ, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું




## કોરોનાની મહામારીમાં આપણને ડોક્ટરોનું મહત્વ સમજાયુ છે અને હેલ્થ કેરનું મહત્વ કોરોના મહામારી પછી લોકો વધુ સમજતા થયા છે. - શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજે સુરત ખાતે સમસ્ત પાટીદાર આરોગ્ય ટ્રસ્ટ સંચાલીત આધુનિક કિરણ મેડિકલ કોલેજનું ભૂમિપુજન ઉત્તરપ્રદેશ રાજયના મહામહિમ રાજયપાલશ્રી આંનદીબેન પટેલ, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ,કેન્દ્રના આરોગ્યમંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા,રાજયના આરોગ્યમંત્રીશ્રી રૂષિકેશભાઇ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું તેમજ સુરત શહેરના મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના અને સાંસદ તેમજ કેન્દ્રનામંત્રીશ્રીમતી દર્શનાબેન જરદોશ,રાજયના મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા શ્રીફળ વિધિ કરવામાં આવી. મહામહિમશ્રી આનંદિબેન પટેલના વરદ હસ્તે ભૂમિપૂજનની તક્તીનું અનાવરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશમા મહામહિમ રાજયપાલશ્રી આનંદીબેન પટેલે સંબોધનમાં જણાવ્યું કે, હવે મુંબઇની હોસ્પિટલ કરતા ગુજરાતની હોસ્પિલમાં આધુનિક સાધનો છે. આપણે હજી રિસર્ચ વર્કમાં બહુ પાછળ છીએ.વિદેશમાં કોઇ કામ પાછળ રિસર્ચ પર વધારે ભાર આપવામાં આવે છે. કિરણ મેડિકલ કોલેજમાં એક વિભાગ ફકત રિસર્ચ માટે બનાવવામાં આવે તે માટે હાંકલ કરી. સમાજમાં મહિલાઓ,બાળકો,વૃદ્ધોની અલગ-અલગ સમસ્યા છે તેમાંથી તેમને સારવાર મળે તે માટે રિસર્ચ કરવા સુચન કર્યુ. આપણા ઘણા ગુજરાતી ભાઇ-બહેનો વિદેશોમાં રિસર્ચનું સારુ કામ કરે છે. આપણામાં રિસર્ચ કરવાની ક્ષમતા છે તેનું ઉદાહરણ આપણે ત્યા કોરોનાની રસી શોધાઇ તે છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કોરોનાની રસી શોધવા પ્રોત્સાહન આપ્યું અને આપણા દેશમાં કોરોનાની રસી બની અને દેશને કોરોનાની મહામારીમાંથી ઉગારી લીધો.હેરિટરી રોગ પર રિસર્ચ કરવામાં આવે જેથી આવનાર સમયમાં આપણા બાળકો રોગોનો ભોગ ન બને. દેશ અને રાજયમાં બાળકો સ્વસ્થ જન્મ તે માટે રિસર્ચ થાય તેમજ પ્રેગનેટ સ્ત્રીઓ સબંધિત રોગો પર રિસર્ચ કરી આપણી બહેન અને દિકરીને સ્વસ્થ જીવન આપવા હાંકલ કરી.

શ્રી આનંદીબેન પટેલે જણાવ્યું કે, દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશ વાસીઓને મન કી બાત થકી સંબોધન કરતા હોય છે. આ મન કી બાત રાજકીય વાતો નથી સામાજમાં કેવી રીતે પરિવર્તન થાય,કેવી રીતે એક બીજાને મદદ રૂપ થવું જેવા અનેક ઉદાહરણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ રજૂ કરતા હોય છે. પાણીને બચાવવા યોગ્ય ઉપયોગ કરવા સૌને અપીલ કરતા જણાવ્યું કે પાણી વગર જીવન શક્ય નથી.આવનારી પેઢીને પાણીની તંગી, શુદ્ધ હવા મળે તે માટે પર્યાવરણ પર ભાર મુકવા હાંકલ કરી. કેન્દ્ર અને રાજય સરકાર ગરીબ ભાઇ-બહેનને અન્ન બચાવ યોજના હેઠળ મફત અનાજ આપી રહી છે. કોઇ ગરિબ વ્યક્તિ ભોજન ન મળવાને કારણે મૃત્ય ન પામવો જોઇએ જેથી આજે સંકલ્પ કરીએ કે ભોજનમાં અન્નનો બગાડ નહી કરીએ. લગ્ન પ્રસંગ હોય કે કોઇ શુભ પ્રસંગોમાં અન્નનો બગાડ ન થાય તેની કાળજી રાખવા જણાવ્યું.

શ્રી આનંદીબેન પટેલે વધુમાં જણાવ્યું કે, મહિલાઓને ગર્ભાશયનું કેન્સર થાય છે તેની રસી શોધવાનું શરૂ છે તેની રસી હાલ ઘણી મોંઘી મળે છે પરંતુ આગામી સમયમાં નવી રસી ઝડપથી આવશે જેની કિમંત પણ નજીવી હશે. જેથી આપણે આપણી દિકરીઓને કેન્સરથી બચાવી શકીશું.

શ્રી આનંદીબેન પટેલે વધુમાં જણાવ્યું કે, ઉત્તર પ્રદેશમાં અમે સરકાર બનાવી લીધી છે મોદી-યોગીની જોડી કોઇ ન તોડી શકે.ઘણા મિત્રો ગુજરાતથી યુપીમાં પ્રચાર કરવા આવ્યા હતા અને સુંદર વાતાવરણ બનાવ્યું. કોઇ મુખ્યમંત્રી બીજી વાર ચૂટાઇને સરકાર બનાવે તેમ બન્યું નથી.આ પહેલી ઘટના છે ફરી ભારતીય જનતા પાર્ટીની ઉત્તર પ્રદેશમાં સરકાર બની છે. આપણે આપણા દેશ માટે શ્રેષ્ઠ કામ કરીએ તેમ સંકલ્પ લેવા જણાવ્યું

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, સુરત શહેરમાં પટેલ દાતાઓ મન મુકીને દાન કરીને મોટી અધ્યત્ન કોલેજ શરૂ કરવા જઇ રહ્યા છે આવા પ્રકલ્પ પરી પુર્ણ કરવાની તાકાત સુરત શહેરમાં છે અને આવું મોટુ કામ આપ સૌના સહકારને કારણે શક્ય છે. સામાન્ય સ્થિતિ ધરાવતા યુવાનને ડોકટર બનાવાનું સ્વપ્ન પહેલા રોળાઇ જતું પરંતુ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આખા દેશમાં અને રાજયના તમામ જીલ્લાઓમાં એક-એક મેડિકલ કોલેજ શરૂ કરવાનો પ્રારંભ કર્યો. કેન્દ્ર અને રાજય સરકારના સહયોગથી મેડિકલ કોલેજ શરૂ કરવાની શરૂઆત થઇ તેના કારણે આજે ઝડપથી દરેક જીલ્લામાં મેડિકલ કોલેજ શરૂ થઇ રહી છે. આ કારણે ગુજરાતના અને દેશના મેડિકલના વિદ્યાર્થીને બહાર ભણવા જવું ન પડે તેવી સ્થિતિની શરૂઆત થઇ છે. હવે સરકારી મેડિકલ કોલેજોમાં કોઇ પણ પ્રકારનું ડોનેશન,લાગવગ ચાલતી નથી પરતું મેરિટના આધારે એડમિશન મળે છે. ગુજરાતમાં હમણા આશરે ત્રણ મેડિકલ કોલેજને મંજૂરી મળી છે જેમાં નવસારી, ગોધરા અને રાજપીપળામાં મેડિકલ કોલેજનું નિર્માણ થઇ રહ્યુ છે. સુરતમાં સ્મિમેર હોસ્પિટલમાં ૫૦ બેઠકો વધારવાની મંજૂરી કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવી છે.

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીઘર્દ્રષ્ટિ છે કે દેશમાં ડોકટરોની અછત હોવી ન જોઇએ.દેશના યુવા વિદ્યાર્થીઓ પ્રભાવશાળી છે તેમને ભણવાની તક મળવી જોઇએ અને તેના માટે મેડિકલ કોલેજની વ્યવસ્થા હોવી જોઇએ તેની શરૂઆત પણ કરી. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના ગરિબ દર્દીને પણ સારી સારવાર મળી રહે તે માટે પાંચ લાખ સુધીની સહાયની જાહેરાત કરી છે. આ યોજના કારણે સામાન્ય વ્યકિતને પણ સારવર મળી રહે છે. આવનાર સમયમાં દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબેની દીધર્દ્રષ્ટીને કારણે ડોકટરોની અછત ભૂતકાળ બની જશે. આપણો દેશ તંદુરસ્ત બનશે.

આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, દેશ આજે "આઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવી રહ્યો છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ ગુજરાત પણ આઝાદીમાં જે યુવાનોએ શહિદિ વ્હોરી છે તેમને યાદ કરી તેમને શ્રદ્ધાજંલી અર્પણ કરી રહ્યુ છે. કોરોના મહામારીમાં આપણને ડોકટરોનું મહત્વ સમજાયું છે સ્વાસ્થ્ય બગડે ત્યારે ડોકટરો અને હોસ્પિટલ સમયમસર ન મળે તો કેવી કપરી સ્થિતિ બને તે આપણે જોયુ છે. નાગરિકોના સ્વાસ્થયની જવાબદારી સરકારની છે અને એટલે ગુજરાતની સરકર છેવાડાના માનવીને પણ ઉત્તમ સારવાર મળે તે માટે કટીબદ્ધ છે. હેલ્થ કેરનું મહત્વ કોરોના મહામારી પછી લોકો વધુ સમજતા થયા છે. કોરોના મહામારીમાં ગુજરાતે બહાદુરી પુર્વક લડત આપી છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દિશા સુચનના કારણે મા વાત્સલ્ય કાર્ડ,આયુષ્યમાન ભારત,મમતા તરૂણ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાત રાજયમાં ટુંક સમયમાં ૮ મેડિકલ કોલેજો શરૂ થવા જઇ રહી છે. કિરણ મેડિકલ કોલેજના દાતાઓ,સંચાલકોને અભિનંદન પાઠવ્યા.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ઉત્તર પ્રદેશ રાજયના માનનીય મહામહિમ રાજયપાલ શ્રીમતી આનંદીબેન પટેલ, આદરણીય પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબ,કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, ગુજરાત રાજયના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ ભાઈ પટેલ, કેન્દ્રીય કપડા તથા રેલ રાજયમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, મંત્રીશ્રી પૂર્ણેશ ભાઈ મોદી, ગૃહ મંત્રી શ્રી હર્ષ ભાઈ સંઘવી,ગુજરાત સરકારના રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ શ્રી વિનુભાઈ મોરડિયા, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી જનકભાઇ બગદાણાવાળા, સુરત શહેરના મેયર શ્રીમતી હેમાલી બેન બોઘાવાળા, ધારાસભ્યશ્રીઓ શ્રી કુમારભાઈ કાનાણી, શ્રી વિ. ડી. ઝાલાવાડીયા, શ્રી કાંતિભાઈ બલર, શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી ઝંખનાબેન પટેલ, શ્રી સંગીતાબેન પાટીલ, શ્રી પ્રવીણભાઈ ઘોઘારી તેમજ શ્રી અરવિંદભાઈ રાણા, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી કિશોરસિંહ ચાવડા, સુરત મનપા સ્થાયી અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, ડેપ્યુટી મેયર શ્રી દિનેશભાઈ, શાસક પક્ષ નેતાશ્રી અમિત સિંહ રાજપુત તેમજ કિરણ હોસ્પિટલના સંચાલકશ્રીઓ,દાતાશ્રીઓ અને તેમના પરિવારજનો સહિત આમત્રિંત મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગિરિમથક સાપુતારા ખાતે રૂ.૬ કરોડ ૧૮ લાખથી વધુના વિકાસકામોનુ લોકાર્પણ કરતા પ્રવાસન મંત્રીશ્રી પુર્ણેશભાઈ મોદી

આહવા: તા: ૨૭; ગરવી ગુજરાતની ગૌરવગાથા વર્ણવતા રાજયના પ્રવાસન મંત્રી શ્રી પુર્ણેશભાઈ મોદીએ, ગુજરાતને પ્રાપ્ત થયેલા ભૂભાગનો પ્રવાસન ક્ષેત્રે બખૂબી ઉપયોગ કરીને, ગુજરાતની ગરિમાને ચાર ચાંદ લગાવવાનુ શ્રેય, દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર, શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે, તેમ ગિરિમથક સાપુતારા ખાતે જણાવ્યુ હતુ. કચ્છનુ સફેદ રણ હોય, કે ગુજરાતનો વિશાળ સમુદ્ર કિનારો, ગિરનાર, પાવાગઢ અને ગબ્બર જેવા ઊંચા પહાડો હોય, કે લીલાછ્મ્મ વન વિસ્તારો હોય. દરેક પ્રદેશની તાસીર ને જાણીપીછાણી, પ્રવાસન વિકાસના માધ્યમથી સ્થાનિક રોજગારીનુ સર્જન કરવાની કળા, આપણા વડાપ્રધાને હસ્તગત કરીને, ગુજરાત અને દેશના પ્રવાસન સ્થળોને વૈશ્વિક ઓળખ પ્રદાન કરી છે, તેમ જણાવ્યુ હતુ.

સહયાદ્રિ પર્વતમાળાની ગોદમા વસેલા ગુજરાતના એકમાત્ર ગિરિમથક સ્થિત ગવર્નર હિલ ખાતે કુલ રૂ.૬ કરોડ ૧૮ લાખથી વધુના વિવિધ વિકાસ કામોનુ લોકાર્પણ કરતા પ્રવાસન મંત્રી શ્રી મોદીએ, ગુજરાતના પ્રવાસન સ્થળો અને યાત્રાધામો ખાતે આવતા સહેલાણીઓ, અને શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સલામતી સાથે, પ્રાથમિક જરૂરિયાતની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે દિશામા રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે તેમ ઉમેર્યુ હતુ.

ગરવા ગુજરાતની સાંસ્કુતિક અને ઐતિહાસિક વિરાસતને દુનિયા આખી પિછાણી શકે તેવા પ્રયાસોની સાથે, આઝાદીના અમ્રુત મહોત્સવ દરમિયાન પ્રવાસીઓને, રાષ્ટ્ર નિર્માણમા યોગદાન આપનારા રાષ્ટ્ર ભક્તોની શૌર્ય ગાથાઓથી માહિતગાર કરી શકાય તેવા પણ સરકારના પ્રયાસો છે તેમ જણાવ્યુ હતુ. દંડકારણ્યની ભૂમિ ઉપર રહીને પ્રભુ શ્રી રામના દર્શનની મનોકામના પૂર્ણ કરનારા માતા શબરીના વંશજ એવા, ગુજરાતના આદિવાસી પરિવારના સભ્યો માટે, શ્રી રામ લલ્લાના દર્શનને સુલભ બનાવતા, રાજ્ય સરકારે રૂ.૫ હજારની આર્થિક સહાય યોજના અમલી બનાવી છે તેમ જણાવતા મંત્રિશ્રીએ, ચિખલી થી સાપુતારા ચારમાર્ગીય રોડના વિકાસ ઉપરાંત, ગિરિમથક સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીના નવા ફોરલેન રોડના નિર્માણની દિશામા પણ રાજ્ય સરકાર આગળ વધી રહી છે, તેમ જણાવ્યુ હતુ.

સાપુતારાના ખુશનુમા વાતાવરણમા સમીસાંજે યોજાયેલા કાર્યક્રમમા મંત્રી શ્રી મોદીએ, સાપુતારાને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી, સી-પ્લેનના માધ્યમથી જોડવાની દિશામા પણ વિચાર કરાઇ રહ્યો હોવાનુ જણાવ્યુ હતુ. વિવિધતામા એકતા, અને એક ભારત-શ્રેસ્ઠ ભારતનો સંદેશ આપતા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા વિશ્વ પ્રવાસીઓને સાપુતારા તરફ વાળવાથી, વિદેશી હુંડિયામણ સ્થાનિક રોજગારીના નવા દ્વારા ખોલશે તેમ પણ વધુમા જણાવ્યુ હતુ. ગુજરાતની આન, બાન, અને શાન સમા સાપુતારાની ઐતિહાસિક ચળવળનો ખ્યાલ આપતા, ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવીતે, સાપુતારા સહિત ડાંગ જિલ્લાના જુદા જુદા પ્રવાસન સ્થળોના વિકાસ માટે પ્રયાસરત રાજ્ય સરકારના પ્રયત્નોનો ખ્યાલ આપ્યો હતો.

પ્રાસંગિક ઉદબોધનમા પ્રમુખશ્રીએ વિકાસના અવનવા આયામો સર કરતા, સાપુતારા હવે ગુજરાતની ઓળખ બની ચૂક્યુ છે તેમ ઉમેર્યુ હતુ. વર્ષો સુધી વણઉકેલ્યા રહેલા સાપુતારાના વિસ્થાપિતોના પ્લોટના મુદ્દે, વર્તમાન રાજ્ય સરકારે, નવાગામ ખાતે ટોકન દરે ૯૯ વર્ષના પટ્ટે પ્લોટ ફાળવીને માનવતાવાદી અભિગમ અપનાવ્યો છે, તેમ જણાવતા ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે, ખાસ કરીને આદિવાસી પ્રજાજનો અને આદિવાસી વિસ્તારો ઉપર રાજ્ય, અને કેન્દ્ર સરકાર વિશેષ વહાલ વરસાવી રહી છે તેમ જણાવ્યુ હતુ.

ધારાસભ્ય શ્રી પટેલે વ્યાપક જન ભાગીદારી થકી સાપુતારાની વનરાજીને પુનઃજીવિત કરવાના રાજ્ય સરકારના પ્રયાસોમા સૌને સહયોગી બનવાની હિમાયત પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગિરિમથક સ્થિત ગવર્નર હિલ ખાતે રૂ.૬ કરોડ ૧૮ લાખથી વધુની કિમતે તૈયાર કરાયેલા રેસ્ટોરંટ, સ્ટેપ ગાર્ડન, ગજેબો, વ્યુઇંગ ડેસ્ક, દુકાનો, સેફ્ટી રેલિંગ સહિતના કામોનુ પ્રવાસન મંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરાયુ હતુ.

આ વેળા તેમની સાથે વાસૂર્ણાના રાજવી શ્રી ધનરાજસિંગ સૂર્યવંશી, હોટલ ઓનર્સ એસોસીએશનના સેક્રેટરી શ્રી તુકારામ કરડીલે, ભાજપા મહામંત્રીઓ સર્વશ્રી હરિરામ સાવંત અને કિશોરભાઇ ગાવીત સહિતના હોદ્દેદારો, પદાધિકારીઓ, કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા, પ્રાંત અધિકારી શ્રી આર.એમ.જાલંધરા, નોટિફાઈડ એરિયાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર શ્રી યુ.વી.પટેલ સહિતના પ્રશાસનિક અધિકારીઓએ ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ



ગાયત્રીપરિવાર નારણપુરાની બહેનો દ્વારા ચૈત્ર નવરાત્રી નિમિત્તે સમૂહમાં દરરોજના ૧૨ ગાયત્રી ચાલીસા પાઠનું અનુષ્ઠાનનું આયોજન તા.૨ એપ્રિલ ૨૦૨૨ શનિવારથી તા.૧૦ એપ્રિલ ૨૦૨૨ રવિવાર સુધી બપોરે ૩-૦૦ થી ૫-૦૦ દરમ્યાનમાં રાખવામાં આવ્યું છે. સરનામું:- ઉષાબેન યોગેશભાઈ પટેલ,સી/૨૦૪, સહજાનંદ એવન્યુ ખોડિયાર માતાજી મંદિર,એ.ઈ.સી.ટોરન્ટ પાવર પાસે,નારણપુરા,સોલા રોડ, અમદાવાદ.મો. ફોન નં.૯૦૩૩૨૬૬૩૯૯

# પાટણ જિલ્લા પત્રકાર યુનિયનની સર્વાનુમતે રચના કરવામાં આવી

## યુનિયન નો મુખ્ય હેતુ પાટણ જિલ્લાનાં પત્રકારોના પરિવાર ને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે મદદરૂપ બનવાનો




પાટણ તા.૨૭

સમયની સાથે સાથે દીવસ રાત જોયા વિના પાટણ જિલ્લાના સારા નરસા પ્રસંગોમાં પહોચી જઈને પોતાની કલમ વડે અને ઈલેક્ટ્રોનિક ન્યુઝ દ્વારા તે પ્રસંગોને જન સમુદાય સુધી પહોંચાડવાનું કાર્ય કરતાં પાટણ જિલ્લાના પત્રકારો ની કામગીરી સમગ્ર ગુજરાતમાં નોંધનીય રહી છે ત્યારે પાટણ જિલ્લાના પત્રકારોની સમસ્યાઓમાં સહભાગી બની એક બીજા પત્રકારોના પરિવારજનોને આર્થિક,

સામાજિક અને શૈક્ષણિક રીતે મદદરૂપ બનવાની ઉમદા ભાવના સાથે શનિવારે સાંજે શહેરના નવા સર્કિટ હાઉસ ખાતે સૌ પ્રથમવાર પાટણ જિલ્લા પત્રકાર યુનિયનની રચના અર્થે બેઠક મળી હતી. જેમાં વર્ષે ૨૦૨૨-૨૩ માટે નાં પ્રમુખ, ઉપપ્રમુખ,મંત્રી, સહમંત્રી, ખજાનચી સહિત કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પાટણ જિલ્લા પત્રકાર યુનિયન ની રચના કરવાનો મુખ્ય ઉદ્દેશ પાટણ જિલ્લામાં કામ કરતા ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકાર મિત્રો ના પરિવારજનોને આર્થિક રીતે મદદરૂપ બનવું, પત્રકાર મિત્રો ના પરિવારના તેજસ્વી બાળકોને ઉચ્ચ અભ્યાસ અર્થે આર્થિક સહયોગ પુરો પાંડવો, અકસ્માત ની ઘટના દરમિયાન મેડિકલ સહાય કરવી, મૃત્યુના કિસ્સામાં પત્રકાર મિત્ર નાં પરિવારજનોને હુંફ પુરી પાડવાનો રહેલ હોવાનું યુનિયન સાથે જોડાયેલા પત્રકારોએ જણાવ્યું હતું.

પાટણ જિલ્લા પત્રકાર યુનિયનની પ્રથમ મળેલી આ બેઠકમાં વર્ષે ૨૦૨૨-૨૩ નાં પ્રમુખ-હર્ષદ પંચોલી પાટણ,ઉપપ્રમુખ - ઐયુબ પઠાણ સિધ્ધપુર,રમેશ સોલંકી પાટણ,જીતુ સાધુ સમી, મહામંત્રી - દક્ષેશ ખત્રી પાટણ, પ્રકાશ નાડોદા સમી,નિરવ ચક્રવર્તી પાટણ, મંત્રી - રમેશ કોલી સાંતલપુર, પ્રવિણ દરજી સિધ્ધપુર,મયુર પંડ્યા હારીજ, સોશ્યલ મીડિયા - શૈલેષ નાયી વામૈયા, ખજાનચી - તેજશ રાવળ પાટણ, કારોબારી સભ્યો - યશપાલ સ્વામી પાટણ

,કમલેશ પટેલ ચાણસ્મા,

ગુલામ રસુલ રાધનપુર, દિલીપ ઝાલા પાટણ,કનુ ઠાકર હારીજ, સુનિલ પટેલ પાટણ,ભરત પંચાલ પાટણ,પ્રેમલ ત્રિવેદી પાટણ, પ્રહલાદ વ્યાસ પાટણ,કમલેશ ગનવાણી સિધ્ધપુર, હિંમત ઠાકોર પાટણ અને ભરત પ્રજાપતિ પાટણ ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પાટણ નવા સર્કિટ હાઉસ ખાતે મળેલી પાટણ જિલ્લા પત્રકાર યુનિયન ની બેઠક માં જિલ્લા ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવ નિયુક્ત યુનિયન ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.